RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 416 Dt. 01-09-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### નિર્ભયાકાંડથી ફરી દિલ્હી હચમચ્યું!

# છાત્રા સાથે ચાલુ બસમાં ગેંગ રેપ




## બંને નરાધમ ડ્રાઈવર કુલદીપ(૩૯) અને કંડક્ટર સંદીપ(૨૬) પકડાયા

નવી દિલ્હી, તા.૩૧

રાજધાની દિલ્હીમાં ફરી એકવાર ૨૦૧૨ના ભયાનક નિર્ભયા કાંડની યાદ અપાવે તેવી શર્મસાર ઘટના સામે આવી છે. ઉત્તર પ્રદેશના મૈનપુરી જિલ્લાની વતની ૧૬ વર્ષીય વિદ્યાર્થિની સાથે સ્લીપર બસમાં સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. પીડિતા તેના પરિવારથી નારાજ થઇને નોઇડા સ્થિત તેના પિતરાઇ ભાઇના ઘરે જઇ રહી હતી, ત્યારે બસ ડ્રાઇવર અને કંડક્ટરે તેણીને રસ્તામાં નિઃસહાય જોઇને તેની પર ગેંગરેપ કર્યો હતો. પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં બંને આરોપીઓ ડ્રાઇવર કુલદીપ અને કંડક્ટર સંદીપની ધરપકડ કરી હતી.

મૈનપુરીની વતની ધોરણ ૧૧ની વિદ્યાર્થિની તેના પરિવાર સાથે ઝઘડો થયા બાદ કોઇને જાણ કર્યા વિના નોઇડા જવા માટે નીકળી હતી. ભારે વરસાદ અને અંધારાને કારણે વિદ્યાર્થીની ભૂલથી ગ્રેટર નોઇડાના પરી ચોક ખાતે ઉતરી ગઇ હતી, તેથી તેણીએ ત્યાંથી પસાર થતી એક ખાલી સ્લીપર બસને રોકી હતી. આરોપીઓએ તેને નોઇડા સેક્ટર-૬૩ સુધી પહોંચાડવાનું વચન આપીને બસમાં બેસાડી હતી. આ ઘટના ૪ ઓગસ્ટના બની હોવાનું જણાવાઇ રહ્યું છે.

દિલ્હીના પરી ચોક અને કાશ્મીરી ગેટ વચ્ચે આશરે ૪૭ કિલોમીટરની મુસાફરી દરમિયાન ડ્રાઇવર અને કંડક્ટરે પડદાવાળી સ્લીપર બસમાં વિદ્યાર્થીની સાથે અશ્લીલ ચેનચાળા કર્યા અને તેની સાથે વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું તેમ જ વિરોધ કરવા પર પીડિતાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

આ ઘટના બાદ આરોપીઓ મોડી રાત્રે પીડિતાને કાશ્મીરી ગેટ બસ સ્ટેન્ડ પાસે રિંગ રોડ પણ છોડીને ફરાર થઇ ગયા હતા. બાદમાં પીડિતા ગભરાયા વિના કાશ્મીરી ગેટ પોલીસ સ્ટેશન પહોંચી હતી અને પોલીસને પોતાની આપવીતી સંભળાવી હતી. પોલીસે તાત્કાલિક આ કેસની નોંધ લેતા તિમારપુર સ્થિત એક બસ પાર્કિંગમાંથી કાનપુરના રહેવાસી બસ ડ્રાઇવર કુલદીપ(૩૯) અને કંડક્ટર સંદીપ(૨૬)ને દબોચી લીધા હતા. આ ધરપકડ ૪ ઓગસ્ટના રોજ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યા મુજબ બંને આરોપીઓ સૂરજપુર વર્કશોપથી બસ રિપેર કરાવીને તિમારપુર જઇ રહ્યા હતા, ત્યારે રસ્તામાં પરી ચોક ખાતે તેને વિદ્યાર્થિની મળી ગઇ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ફોરેન્સિક તપાસ માટે ઘટનામાં ઉપયોગમાં લેવાયેલી બસને જપ્ત કરવામાં આવી છે.

આ કેસની સરખામણી ૨૦૧૨ના નિર્ભયા ગેંગ રેપ કેસ સાથે કરવામાં આવી રહી છે. આ કેસમાં દિલ્હીમાં ચાલતી બસમાં એક મહિલા સાથે અત્યંત ક્રૂર રીતે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. તે ઘટનાએ દેશભરમાં ભારે રોષ જગાવ્યો હતો. ત્યાર બાદ જાહેર પરિવહન અને મહિલાઓ વિરુદ્ધના અપરાધો સંબંધિત કાયદાઓ અને સુરક્ષા ઉપાયોમાં મોટા ફેરફાર કરવામાં આવ્યા હતા.

### CEOના નામની જાહેરાત થવાની સંભાવના : દાન ચોરીની ઘટનાથી બે પદ પડ્યા છે ખાલી

# શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટની કાલે બેઠક

નવી દિલ્હી, તા.૩૧

અયોધ્યાના રામ મંદિરના દાન ચોરી બાદ સમગ્ર ટ્રસ્ટ વ્યવસ્થાપનમાં મોટા પાયે બદલાવ કરવામાં આવી રહ્યો છે. જેમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની એક મહત્વપૂર્ણ બેઠક કાલે ૨ સપ્ટેમ્બરના રોજ મણિરામ દાસ છાવની ખાતે યોજાવાની છે. આ બેઠક દરમિયાન ટ્રસ્ટની વહીવટી અને વ્યવસ્થાપન વ્યવસ્થા અંગે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે.

આ અંગે મળતી માહિતી મુજબ ટ્રસ્ટની નિયમિત બેઠક સાંજે ૪:૦૦ વાગ્યે શરૂ થશે. આ પૂર્વે જ ખાલી જગ્યાઓ માટે નવા સભ્યોની પસંદગી અને મુખ્ય કાર્યકારી અધિકારી ની નિમણૂક અંગે ચર્ચા કરવા માટે એક ખાસ બેઠક બોલાવવામાં આવે તેવી શક્યતા છે.

ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા અનુસાર, ડો. કૃષ્ણ મોહન હાલ માટે મહાસચિવનું પદ સંભાળશે. તેઓ હાલમાં વચગાળાના મહાસચિવ તરીકે સેવા આપી રહ્યા છે. દાન ચોરીની ઘટનાને પગલે ભૂતપૂર્વ મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડો. અનિલ



મિશ્રાના રાજીનામા બાદ બે પદ ખાલી પડ્યા હતા. તેમજ ટ્રસ્ટી બિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રાના અવસાનને કારણે બીજી એક બેઠક ખાલી પડી છે. આમ, ટ્રસ્ટમાં ત્રણ પદો માટે નવા સભ્યોની પસંદગી બાકી છે.

### સીઈઓની નિમણૂકની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ કાયમી સીઈઓની નિમણૂકની પ્રક્રિયા પણ તેના અંતિમ તબક્કામાં છે. સીઈઓની પસંદગી માટે રચાયેલી ત્રણ સભ્યોની સમિતિએ ઈન્ટરવ્યુ પછી ત્રણ ઉમેદવારોની ટૂંકી યાદી તૈયાર કરી છે. આ યાદી ટ્રસ્ટને આપવામાં આવશે. તેમજ ટ્રસ્ટીઓ ત્રણ વ્યક્તિઓમાંથી એકની પસંદગી કરી શકે છે. સીઈઓની નિમણૂકથી મંદિરના દૈનિક વહીવટ, સંચાલન, કર્મચારીઓ સંબંધિત બાબતો, યાત્રાળુ સુવિધાઓ અને વિવિધ કામગીરીના સંકલનમાં વધુ સંસ્થાકીય માળખું લાવવાની અપેક્ષા છે.

# કાશ્મીરમાં ડેમનું 'કામ' નહીં રોકાય

## સિંધુ જળ વિવાદ મુદ્દે ભારતે આંતરરાષ્ટ્રીય કોર્ટનો ચુકાદો ફગાવ્યો, કોર્ટને ગણાવી 'ગેરકાયદે'

નવી દિલ્હી, તા.૩૧

ભારતે સિંધુ જળ સંધિ મુદ્દે હેગ સ્થિત 'પર્મેનન્ટ કોર્ટ ઓફ આર્બિટ્રેશન' (PCA) ના ચુકાદાને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. ભારતીય વિદેશ મંત્રાલયે આ મધ્યસ્થી કોર્ટને જ ''ગેરકાયદે રીતે રચાયેલી'' ગણાવીને સ્પષ્ટ કર્યું છે કે આ ચુકાદાથી ભારતનાં સાર્વભૌમ કાર્યો કે જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલા હાઇડ્રોપાવર પ્લાન્ટ પર કોઈ જ અસર પડશે નહીં. વિદેશ મંત્રાલયે એ સ્પષ્ટ કરી દીધું છે કે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાનો ભારતનો નિર્ણય આગળ પણ યથાવત જ રહેશે.

હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય અદાલતે પોતાના ચુકાદામાં ભારતને પાકિસ્તાન સાથેની પાણી વહેંચણીની સંધિનું પાલન કરવા અને કાશ્મીર વિસ્તારમાં બની રહેલા હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટ પરનું કામને મર્યાદિત કરવા જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું કે ભારત પાસે આ કરાર ખતમ કરવા કે રોકવાનું કોઈ વાજબી કારણ ન હોવાથી સંધિ સંપૂર્ણપણે લાગુ છે. કોર્ટના જણાવ્યા અનુસાર,



વર્લ્ડ બેંક દ્વારા નિયુક્ત એક નિષ્પક્ષ નિષ્ણાત જુલાઈ ૨૦૨૭ સુધીમાં એ નક્કી કરશે કે હિમાલયી વિસ્તારમાં પ્લાન્ટનું નિર્માણ સંધિ મુજબ છે કે નહીં. ત્યાં સુધી પાકિસ્તાનની માંગ મુજબ ભારતને રતલે હાઇડ્રો-ઇલેક્ટ્રિક પ્લાન્ટમાં નિર્ધારિત સ્તરથી ઉપર ડેમની દીવાલ બનાવવાની મંજૂરી મળશે નહીં.

વર્લ્ડ બેંકની આગેવાની હેઠળ આ સુનાવણી થઈ હોવા છતા ભારતે તેને ફગાવી દીધી છે અને ભારત સરકારે આકરા શબ્દોમાં કહ્યું હતું કે આ કથિત 'કોર્ટ ઓફ આર્બિટ્રેશન' પાસે ભારતના સાર્વભૌમ નિર્ણયો પર ચુકાદો આપવાનો કોઈ અધિકાર જ નથી.

ભારતે ક્યારેય આ ગેરકાયદે રીતે રચાયેલી કોર્ટને કાયદેસરની માન્યતા આપી નથી અને તેનું ગઠન જ સિંધુ જળ સંધિનું ગંભીર ઉલ્લંઘન માને છે. આ જ કારણસર ભારત ક્યારેય આ સંસ્થા સમક્ષ હાજર રહ્યું નથી અને તેના અગાઉના કે ભવિષ્યના કોઈ ચુકાદાઓને સ્વીકારશે નહીં.

ભારતે સ્પષ્ટ કર્યું છે કે પહલગામ આતંકી હુમલા બાદ ભારતે સરકારે લીધેલો સિંધુ જળ સંધિ સ્થગિત કરવાનો નિર્ણય આગામી ભવિષ્યમાં પણ મક્કમતાથી અમલમાં રહેશે. ઉલ્લેખનીય છે કે, પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે ગયા વર્ષે એપ્રિલ મહિનામાં કડક વલણ અપનાવીને આ ઐતિહાસિક સંધિને અટકાવી દીધી હતી. આ સિંધુ જળ સંધિ પાકિસ્તાન માટે અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તેનાથી પાકિસ્તાનના ૮૦ ટકા જેટલા ખેતરોને સિંચાઈ માટે પાણીનો પુરવઠો મળે છે.

### બિશ્કેકમાં SCO શિખર સંમેલન, ભારતની મજબૂત દાવેદારી

# ચીન સાથે સંબંધો સુધારવા PMનો પ્રયાસ

## મધ્ય એશિયાથી લઈને ગ્લોબલ ડિપ્લોમસી સુધીનો માસ્ટર પ્લાન તૈયાર : વૈશ્વિક સંઘર્ષો, આતંકવાદ, વેપાર અને કનેક્ટિવિટીના મુદ્દે ગહન ચર્ચા

નવી દિલ્હી, તા.૩૧

વિશ્વના સૌથી મોટા અને શક્તિશાળી સંગઠનોમાંના એક એવા 'શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન' (SCO) ના શિખર સંમેલનમાં ભાગ લેવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેક પહોંચ્યા છે. આ માત્ર એક સામાન્ય બેઠક નથી, પરંતુ એશિયા અને યુરેશિયાના દેશો વચ્ચે આર્થિક અને લશ્કરી સહયોગ વધારવાનું એક બૃહદ પ્લેટફોર્મ છે. ભારત આ સંગઠનનો ફક્ત એક સભ્ય દેશ નથી, પરંતુ તેની ધરી સમાન એક અત્યંત શક્તિશાળી દેશ તરીકે ઉભરી રહ્યો છે.

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) એ યુરેશિયા ક્ષેત્રના દેશોનું એક સંગઠન છે, જે મુખ્યત્વે આર્થિક અને સુરક્ષા જોડાણ પર કામ કરે છે. બે દિવસ સુધી ચાલનારું આ સંમેલન એટલા માટે પણ ખાસ છે કારણ કે જીઁઘ ની સ્થાપનાના આ વર્ષે ૨૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે. તેની શરૂઆત ૧૯૯૬ માં 'શાંઘાઈ ફાઈવ' તરીકે થઈ હતી, જેમાં ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને તાજિકિસ્તાન સામેલ થયા હતા. તેનો મુખ્ય ઉદ્દેશ્ય સોવિયેત યુનિયનના વિઘટન પછી ઊભા થયેલા સરહદી વિવાદો અને લશ્કરી તણાવને ઘટાડવાનો હતો. વર્ષ ૨૦૦૦ માં ઉઝબેકિસ્તાન આ જૂથમાં જોડાયું. ત્યારબાદ, ૧૫ જૂન ૨૦૦૧ ના રોજ ચીનના શાંઘાઈ શહેરમાં સત્તાવાર રીતે જીઁઘ ની સ્થાપનાની જાહેરાત કરવામાં આવી. તેનો મુખ્ય ચાર્ટર ૭ જૂન ૨૦૦૨ ના રોજ સાઇન થયો અને ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૩ થી તેનો અમલ શરૂ થયો.

આ સંગઠન વિશ્વના નકશા પર એક મહાસત્તા તરીકે ઉભરી રહ્યું છે, જેની પાછળ તેની વિશાળ આર્થિક તાકાત રહેલી છે. SCO ના ૧૦ સભ્ય




દેશો મળીને વિશ્વના કુલ GDP ના આશરે ૨૫ ટકા હિસ્સો ધરાવે છે અને વૈશ્વિક વેપારમાં ૧૫ ટકાથી વધુનું યોગદાન આપે છે. સભ્ય દેશો હવે 'જીઁઘ વિકાસ બેંક' બનાવવા પર પણ વિચાર કરી રહ્યા છે. આ ઉપરાંત, રશિયાના સેન્ટ પીટર્સબર્ગથી ભારતના મુંબઈને જોડતા આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર (INSTC) અને 'સિલ્ક રોડ સ્ટેશનો' ના નેટવર્ક પર કામ ચાલી રહ્યું છે, જેથી માલસામાનની હેરફેર સરળ અને ઝડપી બની શકે.

લશ્કરી બાબતોની વાત કરીએ તો, SCO એ પશ્ચિમી દેશોના લશ્કરી જોડાણ 'નાટો' (NATO) જેવું સંગઠન નથી. તેનું પ્રાથમિક ધ્યાન આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદને નાબૂદ કરવા પર કેન્દ્રિત છે. આ માટે સંગઠન પાસે એક ખાસ સુરક્ષા માળખું છે, જેને RATS (Regional Anti-Terrorist Structure - પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખું) કહેવામાં આવે છે. વસ્તીની દ્રષ્ટિએ, સમગ્ર SCO બ્લોકમાં ૩.૪ અબજથી વધુ લોકો રહે છે, જે દુનિયાની કુલ વસ્તીના ૪૦% જેટલો ભાગ છે. આ ૧૦ દેશોનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩.૬ કરોડ ચોરસ કિલોમીટર છે, જે યુરેશિયાના મોટા ભાગને આવરી લે છે.

બિશ્કેક સંમેલનના મુખ્ય મુદ્દાઓ પર નજર કરીએ તો રશિયા અને ઈરાન હાલમાં જુદા જુદા સંઘર્ષો અને યુદ્ધોમાં ફસાયેલા છે. તેની વૈશ્વિક અસરો પર ગંભીર ચર્ચા થશે., ઈરાન સાથે વેપાર કરતા દેશો પર અમેરિકાએ (સોનું, ડિજિટલ સંપત્તિ, ટેકનોલોજી વગેરેમાં) જે આકરા પ્રતિબંધો લગાવ્યા છે, તેનો સામનો કેવી રીતે કરવો તે અંગે નવી રણનીતિ ઘડાશે.અફઘાનિસ્તાનમાંથી ફેલાતા આતંકવાદ અને ડ્રગ્સની હેરાફેરીના મુદ્દે કડક પગલાં લેવાશે. RATS હેઠળ નવી સુરક્ષા યોજનાઓને મંજૂરી અપાશે. આ સાથે સાયબર ક્રાઈમ પણ મુખ્ય ચર્ચાનો વિષય રહેશે. તેમજ SCO વિકાસ બેંક અને INSTC ટ્રાન્સપોર્ટ કોરિડોરના નિર્માણને ઝડપી બનાવવા પર ભાર મુકાશે, જેથી એશિયા અને યુરોપ વચ્ચે વેપાર વધુ ખીલે અને ઝડપી બને.

# ભાઈએ મિત્રના સહારે બહેન સાથે કરી રૂા.૧૧.૯૬ લાખની છેતરપિંડી

## ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધાના બહાને કાર લોન અને ટોપ-અપ લોન કરાવી, બેંકના હપ્તા બાઉન્સ કરાવી એકાઉન્ટ NPA કરી નાખતા કોર્ટનું સમન્સ આવ્યું

રાજકોટ, તા.૩૧

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના બોરલા ગામના રહેવાસી ડો. અંકીતાબેન હરદીપભાઈ વ્યાસ (ઉ.વ. ૩૬) સાથે તેમના જ સગા ભાઈ જીગર બુદ્ધદેવભાઈ ગોંડલીયા અને તેના મિત્ર પ્રશાંત શૈલેષભાઈ ઠાકર (રહે. જૂનાગઢ) દ્વારા વિશ્વાસઘાત કરી મોટી છેતરપિંડી આચરવામાં આવી છે.

ફેબ્રુઆરી ૨૦૨૩માં જ્યારે અંકીતાબેન અંજાર રહેતા હતા ત્યારે ભાઈ જીગરે અને તેના મિત્ર પ્રશાંતે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો કરવા માટે ફોરવ્હીલર લેવાની વાત કરી હતી. તા. ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ રાજકોટના ઈસ્કોન મોલ સ્થિત બિગ બજારમાં એજન્ટ વત્સલ કાપડીની ઓફિસે મળીને અંકીતાબેનના ડોક્યુમેન્ટ્સના આધારે ઈકવટાસ બેંકમાંથી રૂ. ૧૧,૨૬,૯૬૭ ની કાર લોન મંજૂર કરાવવામાં આવી હતી.

આ લોન મારફતે કાલાવાડ રોડ પર આવેલ કટારિયા ઓટોમાંથી નવી મારુતિ અર્ટીગા કાર (GJ11-CL-1710) ખરીદવામાં આવી હતી અને તેના હપ્તા પ્રશાંતે ભરવાનું કબુલ્યું હતું. શરૂઆતમાં થોડા હપ્તા ભરીને વિશ્વાસ જીત્યા બાદ પ્રશાંતે આ કાર પર રૂ. ૫,૨૦,૬૦૯ ની ટોપ-અપ લોન કરાવી હતી. આ લોનની રકમમાંથી અંકીતાબેને પ્રશાંતના ખાતામાં રૂ. ૧,૦૫,૦૦૦ અને તેની પત્ની ડિમ્પલના ખાતામાં રૂ. ૩,૬૫,૦૦૦ જમા કરાવ્યા હતા.




ત્યારબાદ કારની લોન પોતાના નામે ટ્રાન્સફર કરાવવા માટે પૈસા ઘટે છે તેવું બહાનું કાઢીને પ્રશાંતે અંકીતાબેન પાસેથી ગુગલ પે મારફતે વધુ રૂ. ૩,૦૦,૦૦૦ પડાવ્યા હતા. અંકીતાબેને ઉઘરાણી કરતા પ્રશાંતે માત્ર રૂ. ૧,૦૦,૦૦૦ પરત કર્યા હતા અને ફેબ્રુઆરી ૨૦૨૫ થી સંપર્ક તોડી નાખી નંબર બ્લોક કરી દીધો હતો. પ્રશાંતે કારના હપ્તા ભરવાનું બંધ કરતા અંકીતાબેનના બેંક ખાતામાંથી ૫ થી ૬ હપ્તા બાઉન્સ થયા હતા અને એકાઉન્ટ ગડ્અ થઈ ગયું હતું. જુલાઈ ૨૦૨૬ માં ગાંધીધામ કોર્ટમાંથી HDFC લોન બાબતે સમન્સ મળતા આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. બેંકમાં તપાસ કરતા જાણવા મળ્યું કે પ્રશાંતે લોન એકાઉન્ટમાં અંકીતાબેનની જાણ બહાર પોતાનું ઈમેલ આઈડી નાખી દીધું હતું અને લોન એગ્રીમેન્ટમાં અંકીતાબેનની ખોટી સહીઓ પણ કરવામાં આવી હોવાની શંકા છે.

આમ, કાર લોનના બાકી રહેતા રૂ. ૬,૪૮,૭૯૫, ટોપ-અપ લોનના રૂ. ૩,૪૭,૬૧૯ અને હાથ ઉછીના આપેલા પૈકી બાકી રૂ. ૨,૦૦,૦૦૦ મળીને કુલ રૂ. ૧૧,૯૬,૪૧૪ ની માતબર રકમની છેતરપિંડી થઈ છે. આ મામલે અંકીતાબેને તા. ૩૧/૦૮/૨૦૨૬ ના રોજ રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાના ભાઈ જીગર અને પ્રશાંત ઠાકર વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૧૮(૪) અને ૩(૫) મુજબ ગુનો નોંધાવ્યો છે. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ પી.જી. આલએ હાથ ધરી છે.

### રાજકોટમાં રીક્ષા ગેંગનો તરખાટ યથાવત

# ‘ઉલટી’ના બહાને વૃદ્ધના રૂા. ૫૦ હજાર સેરવ્યા

## સામાન પડી ગયાનું ખોટું કહી આધેડને રીક્ષામાંથી નીચે ઉતારી ત્રણેય ગઠિયા ફરારઃ જામનગરના ખેડૂતે બી-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી ફરિયાદ

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરમાં ફરી એકવાર મુસાફરોના સ્વાંગમાં ફરતી રીક્ષા ગેંગ સક્રિય બની છે. મુસાફરોને રીક્ષામાં બેસાડી નજર ચૂકવીને રોકડ રકમ સેરવી લેતી ગેંગે જામનગરથી પોતાની દિકરી માટે લેપટોપ લેવા આવેલા એક ખેડૂતને પોતાનો શિકાર બનાવી રૂ. ૫૦,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી છે. આ અંગે ભોગ બનનાર આધેડે બી-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મૂળ જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના વાંસજાલીયા ગામના રહેવાસી અને ખેતીકામ કરતા મહેન્દ્રભાઈ હમીરભાઈ મકવાણા (ઉ.વ. ૪૫) ની દીકરી દીન્તા રાજકોટના ત્રંબા ખાતે આવેલી આર.કે. યુનિવર્સિટીમાં બી.સી.એ. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. ગત તા. ૨૬/૦૮/૨૦૨૬ ના રોજ મહેન્દ્રભાઈ પોતાની દીકરી માટે લેપટોપ લેવાનું હોવાથી પોતાની સાથે રોકડા રૂ. ૫૦,૦૦૦ લઈને રાજકોટમાં મોરબી રોડ પર રહેતા તેમના કૌટુંબિક ભાઈ ભાવેશભાઈ મકવાણાના ઘરે રોકાયા હતા.



બીજા દિવસે, એટલે કે તા. ૨૭/૦૮/૨૦૨૬ ના રોજ સવારે સાડા અગિયારેક વાગ્યાની આસપાસ તેઓ દીકરીને લેવા જવા માટે કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ સામે ઉભા હતા. આ સમયે ગ્રીનલેન્ડ ચોકડી તરફથી કાળા રંગના હૂડવાળી એક લીલા કલરની સીએનજી રીક્ષા ત્યાં આવી હતી, જેમાં પાછળની સીટમાં પહેલાથી જ બે મુસાફરો બેઠા હતા. રીક્ષા ચાલકે મહેન્દ્રભાઈને પહેલા પોતાની બાજુમાં આગળ બેસાડ્યા અને થોડા આગળ ગયા બાદ તેમને પાછળ બેસવાનું કહેતા તેઓ પાછળની સીટમાં બેઠા હતા.

રીક્ષા પારેવડી ચોક તરફ જતી હતી ત્યારે મહેન્દ્રભાઈની ડાબી બાજુમાં બેઠેલા શખ્સે અચાનક ઉલટી-ઉબકા કરવાનો ઢોંગ શરૂ કર્યો હતો, જેનાથી મહેન્દ્રભાઈ બેધ્યાન બન્યા હતા. પોણા બારેક વાગ્યાની આસપાસ રીક્ષા પટેલ વાડી પાસે આવેલ મંદિરથી આગળ પહોંચી ત્યારે રીક્ષા ચાલકે અચાનક રીક્ષા ઉભી રાખીને મહેન્દ્રભાઈને કહ્યું કે, ‘‘તમારો કાંઈક સામાન રસ્તામાં પડી ગયો છે, તમે નીચે ઉતરીને લઈ લો‘‘. આ સાંભળીને મહેન્દ્રભાઈ જેવા રીક્ષામાંથી નીચે ઉતરીને પાછળ જોવા ગયા, કે તરત જ રીક્ષા ચાલક પોતાની રીક્ષા ભગાવી ગયો હતો.

પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની શંકા જતા મહેન્દ્રભાઈએ તરત જ પોતાના પેન્ટના ડાબી બાજુના આગળના ખિસ્સામાં તપાસ કરી તો તેમાં રાખેલા રોકડા રૂ. ૫૦,૦૦૦ જોવા મળ્યા ન હતા. રીક્ષા ચાલક અને પાછળ બેઠેલા બે મુસાફરોએ પૂર્વઆયોજિત કાવતરું રચીને નજર ચૂકવી આ ચોરીને અંજામ આપ્યો હતો. મહેન્દ્રભાઈએ આજદિન સુધી પોતાની રીતે શોધખોળ કરવા છતાં આરોપીઓ ન મળતા, અંતે તેમણે ૩૧/૦૮/૨૦૨૬ ના રોજ પોતાના ભાઈ સાથે રાજકોટ શહેરના બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરાવ્યો છે. આ કેસની વધુ તપાસ બી-ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એચ.પી. ચાવડા ચલાવી રહ્યા છે.

# સોલારના ગોડાઉનમાંથી ૧.૪૪ લાખના વાયરની ચોરી

## મવડી બાયપાસ રોડ પરના ‘જય દ્વારીકાધીશ’માંથી ૧૫ દિવસના સમયગાળામાં ત્રણ અલગ-અલગ તારીખે અજાણ્યા શખ્સોએ સોલાર સિસ્ટમના કેબલની ચોરી જતા તાલુકા પોલીસ મથકમાં ગુનો

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરના મવડી બાયપાસ રોડ પર આવેલા એક સોલાર સિસ્ટમના ગોડાઉનમાં અજાણ્યા તસ્કરોએ અલગ-અલગ ત્રણ દિવસે ત્રાટકીને કુલ રૂ. ૧,૪૪,૦૦૦ ની કિંમતના કોપર વાયરની ચોરી કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મૂળ રાજકોટ તાલુકાના લાખાપર ગામના રહેવાસી અને જોબવર્કનો વ્યવસાય કરતા ૨૦ વર્ષીય વિજયભાઈ નીલેષભાઈ હુંબલ (આહીર) દ્વારા આ અંગે રાજકોટ શહેરના તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદની વિગતો અનુસાર, વિજયભાઈ અને તેમના ભાગીદાર લક્ષીત વીરેન્દ્રભાઈ કાપડીયાએ બે મહિના પહેલા મવડી બાયપાસ રોડ પર ધરતી પાનવાળી શેરીમાં, ભગવતી ગેરેજ પાસે આવેલા આશ્રય ગ્રીન કોમ્પલેક્સમાં ભરતરાય કાનજીભાઈ હરીપરા પાસેથી એક ગોડાઉન ભાડે રાખ્યું હતું. 'જય દ્વારીકાધીશ સોલાર' નામે તેઓ સોલાર સિસ્ટમને લગતું જોબવર્ક કરે છે અને આ ગોડાઉનમાં સોલારમાં વપરાતા પોલીકેબ કંપનીના એ.સી. કેબલ, ડી.સી. કેબલ, અર્થિંગ કેબલ વગેરે રો-મટીરીયલ રાખતા હતા. ગોડાઉનની એક ચાવી વિજયભાઈ પાસે અને બીજી ચાવી ભાગીદાર લક્ષીત પાસે રહેતી હતી.



આ ગોડાઉનમાં તસ્કરોએ એક નહિ પણ ત્રણ વખત ચોરી કરી હતી. પ્રથમ ઘટના ગત તા. ૧૬/૦૮/૨૦૨૬ ની રાત્રિના ૮ વાગ્યાથી ૧૭/૦૮/૨૦૨૬ ની સવારના ૮ વાગ્યા વચ્ચે બની હતી, જેમાં ગોડાઉનમાંથી ૧૮ કિલો એ.સી. કેબલ અને ૨૦ કિલો ડી.સી. કેબલ મળી કુલ ૩૮ કિલો કોપર વાયરના ટુકડા (કિંમત રૂ. ૧૧,૪૦૦) ભરેલો કોથળો ચોરાયો હતો. ત્યારબાદ બીજી ઘટના તા. ૨૩/૦૮/૨૦૨૬ ની રાત્રિના ૮ વાગ્યાથી ૨૪/૦૮/૨૦૨૬ ની સવારના ૮ વાગ્યા વચ્ચે બની હતી, જેમાં આશરે ૧૪૯૦ મીટર અલગ-અલગ સાઈઝના પોલીકેબ કંપનીના એ.સી. કેબલ (કિંમત રૂ. ૯૬,૮૫૦) ચોરાયા હતા. આ બંને બનાવો અંગે ગોડાઉન માલિકોએ પોલીસમાં કોઈ જાણ કરી ન હતી.

પરંતુ, ગત તા. ૩૦/૦૮/૨૦૨૬ ની સાંજના પોણા છ વાગ્યાથી તા. ૩૧/૦૮/૨૦૨૬ ની વહેલી સવારના ૫ વાગ્યાના અરસામાં ત્રીજી વખત ચોરી થઈ હતી. ભાગીદાર લક્ષીતે સવારે ગોડાઉન ખોલતા તેમાંથી ૬૫૦ મીટર પોલીકેબ કંપનીના ૪ એસક્યુ (૪ જ્ય) સાઈઝના ડી.સી. કેબલ (કિંમત રૂ. ૩૫,૭૫૦) જોવા મળ્યા ન હતા. આમ, અવારનવાર ગોડાઉનમાં ચોરી થતાં અંતે કંટાળીને વિજયભાઈએ પોતાના મિત્ર ધવલ સુભાષભાઈ લાઠીયા સાથે જઈને તા. ૩૧/૦૮/૨૦૨૬ ના રોજ સાંજે પોલીસનો સંપર્ક કર્યો હતો. તાલુકા પોલીસે કોઈ અજાણ્યા શખ્સો ૧,૪૪,૦૦૦ ની મત્તાની ચોરીનો ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પીએસઆઈ બી.આર. ભરવાડ ચલાવી રહ્યા છે.

# વ્યાજખોરી-નીતિ-નિયમોના ભંગ સામે તંત્રની કાર્યવાહી

## ૪૪૦ શાહુકારો નાપાક પ્રવૃત્તિઓ બદલ રડારમાં : નિયમોનું ચુસ્ત પાલન ન કરનારા ૨૯ શાહુકારોના લાયસન્સ રદ

રાજકોટ, તા. ૩૧

રાજકોટ જિલ્લામાં સામાન્ય નાગરિકોનું શોષણ અટકાવવા અને નાણાં ધીરધારના નિયમોનું ચુસ્ત પાલન કરાવવા માટે જિલ્લા રજિસ્ટ્રાર કચેરી દ્વારા મોટા પાયે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. ‘ગુજરાત નાણાં ધીરધાર કરનારા અધિનિયમ, ૨૦૧૧ અને નિયમો, ૨૦૧૩’ હેઠળ હાથ ધરાયેલી આ ચકાસણી દરમિયાન ગંભીર ગેરરીતિઓ સામે આવતા જિલ્લા રજિસ્ટ્રાર ડો. બિમલકુમાર એન. પટેલ અને સહકારી અધિકારી વી. વી. જાડેજાની ટીમે ૪૪૦ શાહુકારોને કારણદર્શક નોટિસ ફટકારી છે તથા ૨૯ શાહુકારોના લાયસન્સ રદ કર્યા છે.




કાયદાકીય જોગવાઈ અનુસાર તમામ લાયસન્સધારકોએ દર મહિનાની ૧ થી ૫ તારીખ વચ્ચે લોનની વિગતો દર્શાવતું નિયત 'નમૂના નંબર-૧૧' નું પત્રક સરકારી ઓનલાઈન પોર્ટલ પર ફરજિયાત સબમીટ કરવાનું હોય છે. આ સિવાય છેલ્લા ૩ વર્ષના નાણાકીય હિસાબો અને ઓડિટ રિપોર્ટ મંગાવવામાં આવ્યા હતા, જેમાં મોટાભાગના શાહુકારો દ્વારા સમયસર વિગતો અપલોડ ન કરવા અને હિસાબોનું ઓડિટ ન કરાવવા જેવી બેદરકારી સામે આવી છે. આથી કલમ-૨૧(૨)(ક)(૧) તથા કલમ-૪૩ હેઠળ ૧૫ દિવસમાં સંતોષકારક ખુલાસો રજૂ કરવા આદેશ કરાયો છે, અન્યથા લાયસન્સ કાયમી ધોરણે રદ કરવા સહિતની કડક કાર્યવાહી કરાશે.

હાલ સમગ્ર રાજકોટ જિલ્લામાં કુલ ૫૩૮ ધિરાણ લાયસન્સ કાર્યરત છે, જેમાંથી ચાલુ વર્ષ દરમિયાન ૬૮ શાહુકારોની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવી છે અને ૧ શાહુકાર સામે કોર્ટ કેસ પણ દાખલ થયો છે. તાલુકાવાર પરિસ્થિતિ જોઈએ તો સૌથી વધુ ૪૦૬ લાયસન્સધારકો રાજકોટ તાલુકામાં છે. આ ઉપરાંત ઉપલેટામાં ૫૨, જેતપુરમાં ૩૦, ગોંડલમાં ૨૧, જામકંડોરણામાં ૮, ધોરાજીમાં ૭, જસદણમાં ૬, કોટડાસાંગાણીમાં ૩, લોધિકામાં ૨, પડધરીમાં ૨ અને વિંછીયા તાલુકામાં ૧ શાહુકાર નોંધાયેલા છે.

તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જે શાહુકારોના ધંધાનું ટર્નઓવર શૂન્ય હોય તેમણે પણ નિયત સમયમર્યાદામાં 'નીલ પત્રક' અચૂક રજૂ કરવાનું રહેશે. સરકારી ધારાધોરણો અને નિયત વ્યાજદર કરતા વધુ વ્યાજ વસૂલતા કે ગેરકાયદે ધિરાણની પ્રવૃત્તિ આચરતા તત્વો સામે સામાન્ય જનતાના હિતમાં આગામી દિવસોમાં પણ કડક ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

### મંડળના આગેવાનો દ્વારા નાત-જાતના ભેદભાવ વિના થતા અવિરત સેવાકાર્ય

# માનવસેવાનો મહાયજ્ઞ એટલે બજરંગ મિત્ર મંડળ

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરના સાંગણવા ચોક વિસ્તારમાં માનવ ધર્મને જ સર્વોચ્ચ ધર્મ માનીને 'બજરંગ મિત્ર મંડળ' દ્વારા અદભુત અને પ્રેરણાદાયક સેવાકાર્યો કરવામાં આવી રહ્યા છે. ગરેડીયા ચોક ખાતે આવેલી ૯-રઘુવીરપરા, પ્રેમ પ્રકાશ મંદિર ઉપર સ્થિત સંસ્થાની ઓફિસેથી સેવાભાવી કાર્યકરો અને આગેવાનો જરૂરિયાતમંદો માટે નિઃસ્વાર્થ ભાવે દિવસ-રાત જોયા વિના સેવાની જ્યોત જલાવી રહ્યા છે. સમાજના છેવાડાના માનવી સુધી મદદ પહોંચાડવાનો આ ભગીરથ પ્રયાસ ખરા અર્થમાં વંદનીય છે.

વર્તમાન સમયમાં જ્યારે મોંઘવારી માઝા મૂકી રહી છે, ત્યારે બજરંગ મિત્ર મંડળ ગરીબ અને આર્થિક રીતે નબળા વર્ગ માટે એક મોટો આધારભૂત સ્તંભ બનીને ઊભું છે. સંસ્થા દ્વારા દર મહિને નિયમિતપણે ૨૦૦ થી ૨૫૦ જેટલા જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું તદ્દન વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ અન્નદાન થકી અનેક પરિવારોના ચૂલા સળગે છે અને તેમના આશીર્વાદ સીધા આ સંસ્થાના કાર્યકરોને પ્રાપ્ત થાય છે.

માત્ર અન્ન જ નહીં, પરંતુ પીડિતોની શારીરિક પીડા દૂર કરવા માટે પણ સંસ્થા સતત કાર્યશીલ છે. બજરંગ મિત્ર મંડળ દ્વારા નિયમિત રૂપે આયુર્વેદિક તેમજ એક્યુપ્રેશર અને કમરના દુઃખાવાની સારવાર માટેના વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં સેવા આપવા માટે રાજકોટના નામાંકિત તબીબ ડો. કેતન ભીમાણી સહિતના અન્ય નિષ્ણાત ડોક્ટરો કોઈપણ જાતના સ્વાર્થ વિના પોતાની સેવાઓ આપે છે. આ કેમ્પનો લાભ લેવા આવતા તમામ દર્દીઓની માત્ર શારીરિક તપાસ જ નહીં, પરંતુ તેમને જરૂરી દવાઓ પણ સંસ્થા તરફથી તદ્દન વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

આ સંસ્થાની સૌથી મોટી અને ગર્વ લેવા જેવી બાબત એ છે કે અહીં સેવાના કાર્યમાં ક્યારેય નાત-જાત કે ધર્મના વાડાઓ નડતા નથી. મુસ્લિમ સમાજના અગ્રણી હબીબભાઈ ગનીબાપુ કટારીયાએ 'રાજકોટ મિરર' ને વિશેષ વિગતો આપતા જણાવ્યું હતું કે, બજરંગ દળના આગેવાનો અને સંસ્થાના કાર્યકરો દ્વારા હિંદુ, મુસ્લિમ, શીખ કે ઈસાઈ - અઢારેય વર્ણના લોકોની સમાન ભાવે સેવા કરવામાં આવે છે. માનવ ધર્મને જ શ્રેષ્ઠ ધર્મ ગણીને થતી આ સેવામાં કોઈ ભેદભાવ રખાતો નથી. વિશેષમાં તેમણે ખૂબ જ સુંદર વાત કરતા ઉમેર્યું હતું કે, ‘‘હનુમાનજીના સાંનિધ્યમાં રહીને છેવાડાના લોકોની સેવા કરવાનો એક વિશેષ અને અનેરો આનંદ મળે છે.‘‘ આ વિચારધારા સમાજમાં કોમી એકતા, સદ્દભાવના અને ભાઈચારાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.





### સેવાયજ્ઞના કર્મઠ આધારસ્તંભો

કોઈપણ સંસ્થાની સફળતા પાછળ તેના નિષ્ઠાવાન કાર્યકરોનો સિંહફાળો હોય છે. બજરંગ મિત્ર મંડળના આ અવિરત સેવાકાર્યોને સફળ બનાવવા માટે જે સેવાભાવીઓ ખભેખભો મિલાવીને પરિશ્રમ કરી રહ્યા છે તેમાં ડો. કેતન ભીમાણી, રોહિતભાઈ કારીયા, ધૈર્યભાઈ રાજદેવ, રાજુભાઈ બુદ્ધદેવ, ગોરધનભાઈ લાલસેતા, મનુભાઈ ટાંક, જીતુભાઈ દામાણી, પ્રવીણભાઈ ગેરિયા, મોહિતભાઈ બુદ્ધદેવ, દિનકરભાઈ રાજદેવ, હબીબભાઈ ગનીબાપુ કટારીયા (મુસ્લિમ અગ્રણી)નો સમાવેશ થાય છે. આ તમામ આગેવાનો અને કાર્યકરોનો ઉત્સાહ અને સેવા પ્રત્યેનું સમર્પણ ખરેખર સરાહનીય છે. પોતાની અંગત વ્યસ્તતાઓ બાજુ પર મૂકીને સમાજના ઉત્થાન માટે સમય ફાળવતા આ સેવાભાવી મિત્રોની ધગશ આવનારી પેઢી માટે એક દીવાદાંડી સમાન છે. ઈશ્વર આ તમામ કાર્યકરોને આવી જ રીતે નિરંતર સેવાકાર્યો કરતા રહેવા માટે વધુને વધુ શક્તિ અને ઊર્જા પ્રદાન કરે તેવી સૌએ પ્રાર્થના કરવી જ રહી તેવું કહેવું અનુચિત નથી.

# 'વિરાસતથી વિકાસ' લોકમેળાનો કાલથી પ્રારંભ

## ૧૫ લાખ લોકોની જનમેદનીથી રેસકોર્સ ગ્રાઉન્ડ ગૂંજશે : મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ઉદઘાટન અને ગ્રાન્ડ ઓપનિંગ

રાજકોટ, તા.૩૧

સૌરાષ્ટ્રના સૌથી મોટા અને ભાતીગળ લોકમેળાની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહેલા રાજકોટવાસીઓ અને પ્રવાસીઓ માટે મનોરંજનના દરવાજા ખુલી રહ્યા છે. રાજકોટ કલેક્ટર ડો. ઓમપ્રકાશના સુચારૂ માર્ગદર્શન હેઠળ કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત પાંચ દિવસીય 'વિરાસતથી વિકાસ' લોકમેળા-૨૦૨૬ની તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. આગામી તારીખ ૨, બુધવારથી શરૂ થઈ રહેલા આ રંગારંગ મેળાનું ઉદઘાટન સતત બીજા વર્ષે જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કરવામાં આવશે. ઉદઘાટન પ્રસંગે પ્રખ્યાત લોકગાયક ગોપાલ ભરવાડ પોતાના લોકગીતોની રમઝટ બોલાવી વાતાવરણને સંગીતમય બનાવશે.

આ વર્ષના લોકમેળાનું મુખ્ય આકર્ષણ ભારતીય નૌસેનાનું બેન્ડ રહેશે, જે લોકમેળાના ઈતિહાસમાં પ્રથમ વખત પોતાની પ્રસ્તુતિ આપવા જઈ રહ્યું છે. મુંબઈના ઈંગજ કુંજલી સ્થિત ૧૯૪૫થી કાર્યરત ઈન્ડિયન નેવી બેન્ડના ૧૮ શિસ્તબદ્ધ જવાનો દેશભક્તિનો જોશ ભરશે. સેક્સજ્ઞાવજ્ઞક્ષય, ટ્રમ્પેટ, ફલૂટ અને ડ્રમ્સ જેવા વિવિધ વાદ્યોના સમન્વયથી 'વંદે માતરમ', 'દેશ મેરે', 'તેરી મિટ્ટી' અને 'લક્ષ્ય થીમ' જેવી ૧૩ જાણીતી મેલોડીઝ રજૂ કરવામાં આવશે. આ સાથે જ બેકગ્રાઉન્ડ સ્ક્રીન પર નૌસેનાના શૌર્યની ઝાંખી દર્શાવતા વીડિયો પણ પ્રદર્શિત કરાશે. મુલાકાતીઓ માટે તારીખ ૩ સપ્ટેમ્બરના રોજ સાંજે ૭:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન આ વિશેષ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

દર વર્ષે આ મેળામાં ૧૩ થી ૧૫ લાખ લોકોની જનમેદની ઉમટી પડતી હોવાથી સુરક્ષા વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. કોઈપણ આકસ્મિક દુર્ઘટના સમયે તાત્કાલિક રાહત અને બચાવ કાર્ય હાથ ધરી શકાય તે માટે વિવિધ વિભાગો દ્વારા સંયુક્ત મોકડ્રીલ યોજીને ડિઝાસ્ટર રૂટ સહિતની વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી છે. તમામ સુરક્ષા અને મનોરંજનના તહેનાત આયોજન સાથે હવે પાંચ દિવસ સુધી રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડમાં મોજ-મસ્તી અને આનંદની ભવ્ય રંગત જામશે.



### મનપાના પ્લોટ ખાલીખમ

સાતમ-આઠમના તહેવારોને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખાનગી મેળાઓ માટે બહાર પાડવામાં આવેલી ટેન્ડર પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. મનપા દ્વારા ૧૫૦ ફટ રિંગ રોડ પર નાના મવા સર્કલ પાસેનો પેટ્રૌલ પંપ નજીકનો પ્લોટ, સાધુ વાસવાણી રોડ સ્થિત રાજ પેલેસ સામેનો પ્લોટ અને અમીન માર્ગ કોર્નર પરના વિશાળ પ્લોટ સહિતની જમીનો ખાનગી મેળા આયોજકો માટે ભાડે આપવા જાહેરાત કરાઈ હતી. જોકે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ સુરક્ષાના કડક માપદંડો, ભારે નિયમો અને મંજૂરીઓની જટિલ પ્રક્રિયાના ડરે એક પણ ખાનગી આસામી કે આયોજકે ટેન્ડર ભરવામાં રસ દાખવ્યો નથી. પરિણામે, મનપાના એક પણ પ્લોટમાં આ વખતે ખાનગી મેળા યોજાશે નહીં. બીજી તરફ, ખાનગી મેળાના આયોજકોએ શહેરના અન્ય ખાનગી માલિકીના મેદાનોમાં પહેલેથી જ બુકિંગ કરી લીધા હોવાનું સામે આવ્યું છે.

# રેલવે ડિવિઝનનું 'ઓપરેશન ક્લીન ટિકિટ'

## એક જ દિવસમાં ૫.૨૯ લાખથી વધુનો દંડ વસૂલાયો



રાજકોટ, તા.૩૧

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ટ્રેનોમાં અનિયમિત અને વગર ટિકિટે મુસાફરી કરતા તત્વો સામે આક્રમક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. રેલવેની આવકનું નુકસાન અટકાવવા અને પ્રામાણિક મુસાફરોને સુવિધાજનક મુસાફરી પૂરી પાડવાના ઉદ્દેશ્યથી ડિવિઝન દ્વારા ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ એક જ દિવસમાં વ્યાપક સઘન ટિકિટ ચેકિંગ હાથ ધરીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના નેતૃત્વમાં આયોજિત આ વિશેષ ઝુંબેશ અંતર્ગત પ્રીમિયમ વંદે ભારત એક્સપ્રેસ ઉપરાંત તમામ સુપરફાસ્ટ, એક્સપ્રેસ, મેઇલ/ઇન્ટરસિટી અને લોકલ પેસેન્જર ટ્રેનોમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ કામગીરીમાં આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર, ટિકિટ ચેકિંગ સ્ટાફ, કોમર્શિયલ ઈન્સ્પેક્ટર અને કોમર્શિયલ વિભાગના કર્મચારીઓની ટીમે સક્રિયપણે ભાગ લઈને સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું.

ચેકિંગ દરમિયાન મુખ્યત્વે વગર ટિકિટે મુસાફરી, ટિકિટ વગર ઉચ્ચ શ્રેણીમાં બેસી જવું અને બુક કર્યા વગરનો સામાન લઈ જવા જેવા નિયમભંગ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન કુલ ૫૫૧ કેસ નોંધાયા હતા, જેમાં વગર ટિકિટે મુસાફરીના ૩૪૨ કેસમાંથી ૩,૪૮,૧૮૫, ઉચ્ચ શ્રેણીમાં અનિયમિત મુસાફરીના ૨૦૬ કેસમાંથી ૧,૮૧,૫૧૦ અને બુક કર્યા વગરના સામાનના ૩ કેસમાંથી ૧૫૦ મળીને કુલ ૫,૨૯,૮૪૫ની આવક પ્રાપ્ત થઈ હતી.

રેલવે પ્રશાસન મુજબ આ ઝુંબેશનો મુખ્ય હેતુ માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ મુસાફરોમાં માન્ય ટિકિટ સાથે મુસાફરી કરવા અને રેલવેના નિયમોનું પાલન કરવા પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આવા અભિયાનોથી અનિયમિત મુસાફરી પર અંકુશ આવવાની સાથે રેલવે આવકની સુરક્ષા થશે અને મુસાફરોમાં શિસ્તબદ્ધ પ્રવાસ સંસ્કૃતિ પ્રોત્સાહિત થશે. રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ મુસાફરોને યોગ્ય ટિકિટ લઈને સન્માનપૂર્વક મુસાફરી કરવા અને રેલવેના નિયમોનું પાલન કરવા અપીલ કરી છે, જેથી સુરક્ષિત અને શિસ્તબદ્ધ મુસાફરી સુનિશ્ચિત કરી શકાય.

### કલેક્ટર કચેરીએ પાઠવ્યું આવેદનપત્ર : જમીન સંપાદનથી ખેતી અને આવક પર જોખમ

# પીપળીયાના ખેડૂતોનો નેશનલ હાઈવે-૨૭ સામે વિરોધ

રાજકોટ, તા.૩૧

કોઈપણ દેશ કે રાજ્યના આર્થિક વિકાસ માટે આધુનિક માર્ગ પરિવહન અને નેશનલ હાઈવે જેવા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. પરંતુ આવા પ્રોજેક્ટ્સ જ્યારે ફળદ્રુપ ખેતીલાયક જમીન પરથી પસાર થાય છે, ત્યારે વિકાસ અને સ્થાનિક ખેડૂતોની આજીવિકા વચ્ચે એક મોટો વિરોધાભાસ ઊભો થાય છે. ખેડૂતો મોટાભાગે વિકાસના વિરોધી નથી હોતા, પરંતુ પોતાની પેઢી દર પેઢીની મૂડી સમાન જમીન અને ખેતીના ભવિષ્યને બચાવવા માટે વ્યાજબી રજૂઆતો કરતા હોય છે.



જ્યારે પણ કોઈ નવો રોડ કે હાઈવે ફળદ્રુપ જમીનમાંથી નીકળે છે, ત્યારે સૌથી મોટો પ્રશ્ન જમીનના ટુકડા થવાનો ઊભો થાય છે. સળંગ ખેતર વચ્ચેથી રસ્તો પસાર થવાને કારણે ખેતરના બે ભાગ થઈ જાય છે, જેનાથી ટ્રેક્ટર કે અન્ય સાધનો લઈ જવામાં અને રોજિંદી ખેતી વિષયક કામગીરીમાં મોટી મુશ્કેલી પડે છે. આ ઉપરાંત, સ્થાનિક સિંચાઈ વ્યવસ્થા જેમ કે બોરવેલ, કેનાલ નેટવર્ક કે પાઈપલાઈનો તૂટી જવાથી પાકને ભારે નુકસાન થાય છે. ખેતર સુધી પહોંચવાના પરંપરાગત રસ્તાઓ બંધ થઈ જવાથી બાકી રહેલી જમીનનો કાર્યક્ષમ ઉપયોગ કરવો મુશ્કેલ બની જાય છે, જે અંતે ખેડૂતની વાર્ષિક આવક પર સીધો ફટકો મારે છે.

આવા સંજોગોમાં ખેડૂતો અને તંત્ર વચ્ચે ઘર્ષણ ટાળવા માટે કાયદાકીય અને વ્યવહારુ પ્રક્રિયાઓનો અમલ કરવો જરૂરી બને છે. જમીન સંપાદનના નિયમો મુજબ અસરગ્રસ્ત ખેડૂતોને પોતાના વાંધા રજૂ કરવાનો અને સત્તાવાળાઓ સમક્ષ સામૂહિક સુનાવણી મેળવવાનો પૂરતો અધિકાર છે. યોગ્ય લોકશાહી અભિગમ એ જ ગણાય કે પ્રોજેક્ટના પ્રારંભિક તબક્કે જ સ્થાનિક જમીનમાલિકોની હાજરીમાં સંયુક્ત સ્થળ નિરીક્ષણ કરવામાં આવે અને તેમની વ્યવહારુ સમસ્યાઓ સમજવામાં આવે. ઉકેલના માર્ગ તરીકે, તંત્ર દ્વારા ફળદ્રુપ જમીનોને બચાવીને નજીકની સરકારી, ખરાબાની કે બિન-ઉપયોગી જમીન પરથી વૈકલ્પિક રૂટ બનાવવાનો પુનઃ ટેકનિકલ અભ્યાસ થઈ શકે છે. જ્યાં સુધી તમામ અસરગ્રસ્તોની રજૂઆતો યોગ્ય રીતે સાંભળવામાં ન આવે અને વૈકલ્પિક માર્ગો અંગે આખરી નિર્ણય ન લેવાય, ત્યાં સુધી સંપાદન પ્રક્રિયાને સ્થગિત રાખીને સંવાદનો માર્ગ અપનાવવો એ જ સંતુલિત વિકાસ તરફ જવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

# કોઠારીયા ચોકડી પર પિલરવાળો અંડરબ્રિજ બનાવવાની માંગ

## દિવાલવાળા બ્રિજથી ટ્રાફિકની સમસ્યા યથાવત રહેશે તેવી સંભાવના વ્યક્ત કરતા વોર્ડ ૧૮ના નગરસેવક

રાજકોટ, તા. ૩૧

વોર્ડ નં. ૧૮ના કોર્પોરેટર ભારતીબેન પરસાણાએ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાને પત્ર લખીને ગોંડલ ચોકડીથી કોઠારીયા મેઈન રોડ પર બની રહેલા બ્રિજના સ્ટ્રક્ચરમાં તાકીદે ફેરફાર કરવા માંગ કરી છે. ખોખડદડી નદીથી ગોંડલ રોડ ચોકડી સુધી 'ફૂટ ઓવર ટાઈપ' (દિવાલવાળું) સ્ટ્રક્ચર રદ કરી તેના સ્થાને 'ફ્લાયઓવર' (પિલરવાળું) સ્ટ્રક્ચર મંજૂર કરવા રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં દર્શાવ્યા મુજબ, જો આ બ્રિજ દિવાલવાળો (ફૂટ ઓવર ટાઈપ) બનાવવામાં આવશે, તો સ્થાનિક સર્વિસ રોડ અને ચોકડી પર ટ્રાફિકનું ભારણ હળવું નહીં થાય અને અકસ્માતનો ભય યથાવત રહેશે. પિલરવાળો બ્રિજ બનાવવાથી નીચેનો ભાગ ખુલ્લો રહેશે, જેથી વાહનોની અવરજવર સરળતાથી થઈ શકશે.



કોઠારીયા ચોકડી નજીક લોઠડા, પીપલાણા અને નારણકા જેવા મોટા ઈન્ડસ્ટ્રીયલ ઝોન આવેલા છે. ઈન્ડસ્ટ્રીઝમાં માલસામાનની આવક-જાવક માટે હેવી કન્ટેનર અને ટ્રેલરો આ જ ચોકડીનો ઉપયોગ કરે છે. આ વિસ્તારની વસ્તી આશરે ૨.૫૦ લાખ જેટલી છે, જેમને રોજબરોજ અકસ્માત અને ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. હાલ નેશનલ હાઈવે પર જે હયાત અપ-ડાઉન બ્રિજ છે, તેનું માપ ઓછું હોવાથી વારંવાર ટ્રાફિક જામ થાય છે. આ ઉપરાંત, ચોમાસાની ઋતુમાં બ્રિજ નીચે પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ડી.પી. અને ટી.પી. સ્કીમ મુજબ કોઠારીયા મેઈન રોડ ૪૫.૦૦ મીટરનો છે.

સરકાર દ્વારા હિરાસર એરપોર્ટથી પીપળીયા સુધી ૬-લેન ગ્રીન કોરિડોરનું નિર્માણ થઈ રહ્યું છે, જેનો સીધો સંપર્ક કોઠારીયા ચોકડી સાથે રહેશે. આ ભવિષ્યના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને આવક માટે ૩૦ મીટર અને જાવક માટે ૩૦ મીટર ની પહોળાઈ ધરાવતો બ્રિજ બનાવવો સાથે હેવી ટ્રેલર અને કન્ટેનર સરળતાથી પસાર થઈ શકે તે માટે પૂરતી ઊંચાઈ ધરાવતું પિલરવાળું (ફ્લાયઓવર) સ્ટ્રક્ચર તૈયાર કરવાની માંગ ઉચ્ચારી છે.

# ગુજરાત એસ.ટી. નિગમને તહેવારો ફળ્યા

## બે જ દિવસમાં ૨ લાખથી વધુ મુસાફરોએ પ્રવાસ કરતા રૂ. ૨.૦૨ કરોડની બંપર આવક



રાજકોટ, તા.૩૧

જન્માષ્ટમીના તહેવારોની વિધિવત શરૂઆત થતાં જ સમગ્ર રાજ્ય સાથે સૌરાષ્ટ્રભરમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો છે. રક્ષાબંધનના પવિત્ર પર્વ પૂર્વેથી જ લોકો વતન અને પ્રવાસન સ્થળો તરફ વળતા રાજકોટ એસ.ટી. વિભાગના તમામ બસ સ્ટેન્ડો મુસાફરોના ભારે ઘોડાપૂરથી ઊભરાવા લાગ્યા છે. તહેવારોને કારણે પ્રવાસીઓનો ઘસારો અચાનક વધતાં એસ.ટી. નિગમની દૈનિક આવકમાં પણ તોતિંગ વધારો નોંધાયો છે.

રાજકોટ એસ.ટી. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, માત્ર બે દિવસના ટૂંકા ગાળામાં જ વિભાગને રૂ. ૨.૦૨ કરોડથી વધુની માતબર આવક થઈ છે. આ દરમિયાન કુલ ૨,૩૧,૪૦૪ મુસાફરોએ એસ.ટી. બસ સેવાનો લાભ લીધો હતો. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, રક્ષાબંધનના આગલા દિવસે એટલે કે તા. ૨૭ના રોજ રૂ. ૯૭.૧૧ લાખની આવક સાથે ૯૪,૭૫૬ મુસાફરો નોંધાયા હતા. જ્યારે રક્ષાબંધનના દિવસે એટલે કે તા. ૨૮ના રોજ દૈનિક આવકનો આંકડો રૂ. ૧.૦૪ કરોડને પાર પહોંચી ગયો હતો અને એક જ દિવસમાં ૧,૩૬,૬૪૮ લોકોએ મુસાફરી કરી હતી.

હજુ તો તહેવારોની માત્ર શરૂઆત જ થઈ છે અને એસ.ટી.ની મોટાભાગની બસો ચિક્કાર ભરાઈને દોડી રહી છે. આજ રોજ પણ દરેક ડેપો પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. આગામી જન્માષ્ટમીના દિવસોમાં આ પ્રવાહ હજુ વધશે, જેના કારણે આવનારા દિવસોમાં મુસાફરોની સંખ્યા અને દૈનિક આવક બંનેમાં નવો રેકોર્ડ સર્જાય તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

### માધાપર સબ-ડિવિઝન, બેડીનાકા સબ-ડિવિઝન વહીવટી કચેરી અને ૬૬ કેવી સબ-સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં

# PGVCLની નવી કચેરીઓમાં ટેકનિકલ સેટઅપ પૂર્ણ કરવા કોંગ્રેસની માંગ

## ૮૦ હજારથી વધુ વીજ ગ્રાહકોને મળશે સીધો લાભ : કોંગ્રેસનો આક્ષેપ કચેરીઓ તૈયાર પણ 'ખાલી સેટઅપ' ના કારણે ગ્રાહકો મુશ્કેલીમાં

રાજકોટ, તા.૩૧

રાજકોટના વોર્ડ નં.૩ માં પ્રજાના ટેક્ષના કરોડો રૂપિયાના ખર્ચે પીજીવીસીએલ (ઉત્રષ્ટઈક) વિભાગ દ્વારા નિર્માણ પામેલ માધાપર સબ-ડિવિઝન, બેડીનાકા સબ-ડિવિઝન વહીવટી કચેરી અને ૬૬ કેવી સબ-સ્ટેશનનું કામ પૂર્ણ થઈ ગયું હોવા છતાં, ત્યાં જરૂરી સ્ટાફ, વાહનો અને ટેકનિકલ સુવિધાઓનું ખાલી સેટઅપ તુરંત પૂર્ણ કરવા પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા અને પૂર્વ શહેર પ્રમુખ અતુલ રાજાણી દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે. એક સક્ષમ વિપક્ષ તરીકે પ્રજા કલ્યાણના પ્રશ્ને કોંગ્રેસે સતત કરેલી રજૂઆતો અને સોશિયલ મીડિયા પર ચલાવેલી મુહિમના પરિણામે અંતે રાજ્યના ઉર્જા મંત્રીએ પોતાના મહિમા મંડળ સાથે રાજકોટ દોડી આવી આ કચેરીઓનું ઉદઘાટન કરવું પડ્યું હતું.

વોર્ડ નં.૩ ના સંતોષી નગર, પોપટપરા, રેલનગર, જુદી જુદી ૧૧ ટાઉનશિપો, માધાપર ગામ અને તેની આજુબાજુ આવેલી સોસાયટીઓના અંદાજે ૭૦ થી ૮૦ હજાર જેટલા વીજ ગ્રાહકોને વહીવટી કામકાજ અને વીજ સેવાઓમાં મોટી રાહત મળે તે હેતુથી આ સબ-ડિવિઝનો તૈયાર કરવામાં આવ્યા છે. ભૂતકાળમાં આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન કલાકો સુધી લાઈટો જતી રહેવાની ગંભીર સમસ્યાઓ સર્જાતી હતી. નવો વિકસતો વિસ્તાર હોવા ઉપરાંત માધાપર સબ-ડિવિઝન ગ્રામ્ય વિસ્તાર સાથે સંકળાયેલું હોવાથી અને માધાપર તથા બેડીનાકા ડિવિઝન પર વધતા વીજ ભારણને કારણે અવારનવાર વીજ પુરવઠો ખોરવાઈ જતો હતો.

આ પાયાની સમસ્યાઓ અંગે કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરો ગાયત્રીબા વાઘેલા, અતુલ રાજાણી અને દિલીપભાઈ અસવાણી દ્વારા રાજ્ય સરકાર, ઉત્રષ્ટઈક ના એમડી તેમજ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સુધી સતત લડત ચલાવીને વિસ્તારની સ્થિતિથી અવગત કરાવવામાં આવ્યા હતા. હવે જ્યારે કરોડોના ખર્ચે આ ભવ્ય સુવિધાઓ તૈયાર થઈ ગઈ છે ત્યારે માત્ર સરકારી ઉપેક્ષાના કારણે સેટઅપ અધૂરું ન રહે અને પ્રજાને ચોમાસા દરમિયાન કે સામાન્ય દિવસોમાં વીજ ધાંધિયામાંથી કાયમી મુક્તિ મળે તે માટે તંત્ર દ્વારા તાકીદે પૂરતો સ્ટાફ અને વાહનો ફાળવીને કામગીરી કાર્યરત કરવામાં આવે તે જરૂરી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# પડકારોનો લોકમેળો

## કિંમતોમાં લૂંટ, ખોરાકમાં ભેળસેળ અને ગુન્હાખોરી અટકાવવી અઘરી



રાજકોટ શહેરમાં જન્માષ્ટમીના પવિત્ર તહેવારની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આવતી કાલથી જ રાજકોટના વિશ્વપ્રસિદ્ધ અને ઐતિહાસિક લોકમેળાનો ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. આ પાંચ દિવસીય મેળામાં શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડશે. વહીવટી તંત્ર દ્વારા સલામતી અને વ્યવસ્થા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. તેમ છતાં, આટલા મોટા આયોજનને ધ્યાનમાં રાખતા તંત્ર માટે આ મેળો ખરા અર્થમાં પડકારોનો મેળો બની રહેશે.

શહેરમાં અટલ સરોવર પાસે વિશાળ અને ખુલ્લી જમીન ઉપલબ્ધ હોવા છતાં, કોઈ રહસ્યમય કારણોસર દર વર્ષની જેમ આ વખતે પણ રેસકોર્સના મર્યાદિત મેદાનમાં જ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જગ્યા ટૂંકી હોવાથી અને મુલાકાતીઓની સંખ્યા અતિશય વધારે હોવાથી મેળામાં ભારે ભીડ જામશે. આવી પરિસ્થિતિમાં અરાજકતા, નાસભાગ કે અણબનાવ રોકવા તંત્ર માટે અત્યંત મુશ્કેલ બની જશે.

આ ઉપરાંત, મેળામાં રોજના લાખો લોકો આવતા હોવાથી વસ્તુની માંગમાં અસાધારણ વધારો થાય છે. આ તકનો લાભ લઈને વેપારીઓ અને રાઈડ્સ સંચાલકો દ્વારા મુલાકાતીઓ પાસેથી વધુ પડતા ભાવ વસૂલીને કિંમતોમાં લૂંટ ચલાવવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું તંત્ર માટે મોટો પડકાર છે. સાથે જ મેળામાં ખાણીપીણીના સ્ટોલ્સ પર ભારે ભીડ જામશે, ત્યારે વાસી કે ભેળસેળયુક્ત ખોરાક ના વેચાય અને ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાઈ રહે તે જોવું પણ એટલું જ જરૂરી છે. બીજી તરફ, આવા મોટા મેળાવડા ગુન્હાખોર અને અસામાજિક માનસ ધરાવતા તત્વો માટે ચોરી અને ખિસ્સાકાતરૂગીરી કરવા માટેની ઉત્તમ તક બની જતા હોય છે. મેળાના વાતાવરણમાં ગુન્હાખોરી અટકાવવી અને મહિલાઓ તથા બાળકોની સુરક્ષા જાળવવી અનિવાર્ય બની રહેશે.

જોકે, આ વખતે તંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સીસીટીવી કેમેરા અને કેમેરા પ્રોસેસિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. આધુનિક ટેકનોલોજી હોવા છતાં ભીડનું સંચાલન કરવું એ કોઈ નાનો પડકાર નથી. આ તમામ વ્યવસ્થાઓ સફળ કરવા માટે સામાન્ય નાગરિકો અને મુલાકાતીઓ પણ તંત્રને પૂર્ણ સહયોગ આપે અને જાગૃત રહે તે અનિવાર્ય છે.

# દુષ્કાળ-વધતા ભાવ અંગે સરકાર ચિંતિત

## ૧-૨ સપ્ટેમ્બરે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય બેઠક



નવીદિલ્હી, તા. ૩૧

સરકાર દુષ્કાળ અને વધતા ભાવ અંગે ખૂબ જ ચિંતિત છે. આ સંદર્ભમાં, ૧ અને ૨ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ બેઠકની અધ્યક્ષતા કરે તેવી અપેક્ષા છે. અહેવાલ છે કે અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને પાણી મંત્રીઓ હાજરી આપી શકે છે. અહેવાલો અનુસાર, જલ જીવન મિશન અને હર ઘર નળ જળ યોજના અંગે રાજધાની દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાવાની છે. કેન્દ્રીય જળ ઉર્જા મંત્રી સી.આર. પાટિલ ૧ સપ્ટેમ્બરના રોજ બેઠકની અધ્યક્ષતા કરે તેવી અપેક્ષા છે, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨ સપ્ટેમ્બરના રોજ બેઠકની અધ્યક્ષતા કરી શકે છે. આ બેઠકમાં અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને પાણી મંત્રીઓ હાજરી આપી શકે છે. બેઠક દરમિયાન હર ઘર નળ જળ યોજનાની પ્રગતિ, અમલીકરણ પડકારો અને રાજ્યોની જરૂરિયાતો પર ચર્ચા કરવામાં આવશે.

સરકાર તાજેતરના દુષ્કાળ સંબંધિત પાણીની ઉપલબ્ધતા અને વધતા પાણીના ભાવ અંગે ચિંતિત છે. પરિણામે, બેઠકમાં દુષ્કાળની સ્થિતિ, પાણીની ઉપલબ્ધતા, રાજ્યોમાં પીવાના પાણી પુરવઠા અને સંબંધિત પડકારો પર ચર્ચા થવાની અપેક્ષા છે. પાણીની તંગીને કારણે ઘણા રાજ્યો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. દરમિયાન, ઝારખંડ જળ જીવન મિશનની સ્થિતિ તેમજ કેન્દ્રને બાકી ચૂકવણીનો મુદ્દો ઉજાગર કરવાની તૈયારી કરી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે ઝારખંડ બેઠકમાં બાકી રહેલા ₹૬૫૦૦ કરોડ (આશરે ૬.૫ બિલિયન)નો મુદ્દો ઉઠાવશે.

આ બેઠકમાં રાજ્યો પાસેથી જળ જીવન મિશનની જમીની સ્થિતિ, યોજના હેઠળ અત્યાર સુધી થયેલી પ્રગતિ, બાકી રહેલા કામ અને રાજ્યોની જરૂરિયાતો વિશે માહિતી એકત્રિત કરવાની અપેક્ષા છે. વધુમાં, યોજનાના અમલીકરણને ઝડપી બનાવવા અને રાજ્યોને સામનો કરી રહેલી સમસ્યાઓના નિવારણ પર ચર્ચા કરવામાં આવશે. દેશમાં દુષ્કાળ અને વધતી કિંમતોને સંબોધવા માટે ૧-૨ સપ્ટેમ્બરના રોજ દિલ્હીમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે. આ બેઠકમાં જળ જીવન મિશનની પ્રગતિ, અમલીકરણના પડકારો અને રાજ્યોની જરૂરિયાતો વિશે ચર્ચા કરવામાં આવશે.

તાજેતરમાં અનેક રાજ્યોમાં પાણીની ભારે તંગી સર્જાઈ છે, જેના લીધે નાગરિકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આથી કેન્દ્ર સરકાર દુષ્કાળની પરિસ્થિતિ, પીવાના પાણીની ઉપલબ્ધતા અને પાણી પુરવઠા સાથે જોડાયેલા વધતા ખર્ચ અંગે તમામ રાજ્યો પાસેથી જમીની સ્થિતિનો અહેવાલ મેળવશે.આ બેઠક દરમિયાન ઝારખંડ સરકાર જળ જીવન મિશન હેઠળ પોતાની સ્થિતિ રજૂ કરશે અને કેન્દ્ર પાસે બાકી નીકળતા આશરે ₹૬,૫૦૦ કરોડનું ભંડોળ ચૂકવવાનો મુદ્દો પણ મુખ્યતાથી ઉઠાવશે. એકંદરે, આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય દેશભરમાં જળ સંકટ ઉકેલવાનો, યોજનાઓના અમલીકરણને ઝડપી બનાવવાનો અને રાજ્યોને નડતી નાણાકીય કે વ્યવસાયિક સમસ્યાઓનું ઝડપી નિવારણ લાવવાનો છે.

# રાહુલની PM ઉમેદવારી મુદ્દે કોંગ્રેસની વિજયનને ચેતવણી

## કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેઓ રાહુલ ગાંધીની વડાપ્રધાન પદની ઉમેદવારીને ટેકો નહીં આપે, તો તેની ગંભીર રાજકીય અસર

નવીદિલ્હી, તા. ૩૧

તમિલનાડુના મંત્રી એસ. રાજેશ કુમારે કહ્યું છે કે જો ગઠબંધન ભાગીદાર ટીવીકે ૨૦૨૯ ની સંસદીય ચૂંટણી માટે રાહુલ ગાંધીને વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે સમર્થન નહીં આપે, તો કોંગ્રેસના બે મંત્રીઓ રાજ્ય મંત્રીમંડળમાંથી રાજીનામું આપશે. તેમણે જાહેર કર્યું કે રાહુલ ગાંધી ભારતના આગામી વડા પ્રધાન હશે. શાસક તમિલનાડુ વેટ્રી કઝગમ (ટીવીકે) ના મંત્રીઓ, ધારાસભ્યો અને સભ્યો આગામી લોકસભા ચૂંટણી માટે મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયને વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે રજૂ કરવા માટે લોબિંગ કરી રહ્યા છે. રાજેશ કુમારે કહ્યું કે જો ગઠબંધન ભાગીદાર આ મુદ્દે કોંગ્રેસને ટેકો નહીં આપે તો તેઓ અને તેમના સાથી પી. વિશ્વનાથન (ઉચ્ચ શિક્ષણ પ્રધાન) તેમના પદ પરથી રાજીનામું આપવા તૈયાર છે. મે મહિનામાં વિજયની આગેવાની હેઠળના ટીવીકેને સરકાર બનાવવા માટે ટેકો આપવાના કોંગ્રેસના નિર્ણય બાદ, આ સૌથી જૂની પાર્ટીને કેબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું હતું. રવિવારે કન્યાકુમારીમાં એક કાર્યક્રમમાં રાજેશ કુમારના નિવેદનથી સ્પષ્ટ થયું કે પાર્ટી તેના વલણ સાથે સમાધાન કરશે નહીં. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાહુલ ગાંધી એકમાત્ર ઉમેદવાર છે જેને કોંગ્રેસ પાર્ટી લોકસભા ચૂંટણીમાં ટેકો આપશે. જોકે વિશ્વનાથન તાત્કાલિક ટિપ્પણી



માટે ઉપલબ્ધ નહોતા, કુમારના નિવેદનથી કોંગ્રેસ અને ટીવીકે વચ્ચેના સંબંધોમાં તણાવ આવવાની શક્યતા છે.

તાજેતરના રાષ્ટ્રીય સર્વેક્ષણમાં વિજયને ૯.૨ ટકા સમર્થન સાથે પ્રધાનમંત્રી પદ માટે પસંદગીના ઉમેદવાર તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધી પછી તેમનું નામ ટોચ પર છે, જેના કારણે ટીવીકે સભ્યોમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. આના કારણે ટીવીકે કાર્યકરોએ જોરશોરથી નારા લગાવ્યા છે કે ''વિજય આગામી પ્રધાનમંત્રી બનશે,'' પરંતુ આ કોંગ્રેસ અને ટીવીકે વચ્ચેના સંબંધોમાં તણાવ પેદા કરી રહ્યું હોય તેવું લાગે છે. દરમિયાન, એમડીએમકેના મહાસચિવ વાયકોએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી વિજય પ્રધાનમંત્રી પદ માટે યોગ્ય ઉમેદવાર નથી. એક પત્રકાર પરિષદમાં બોલતા તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વિજય પ્રધાનમંત્રી પદ માટે યોગ્ય ઉમેદવાર નથી. તેઓ તમિલનાડુ માટે યોગ્ય છે. ૨૦૨૯ની લોકસભા ચૂંટણીને લઈને તમિલનાડુના રાજકારણમાં પહેલેથી જ એક મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. નેતૃત્વને લઈને કોંગ્રેસ અને ટીવીકે વચ્ચે મતભેદો સ્પષ્ટ થઈ ગયા છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક- શ્રાવણી સત્સંગ.

### સદ્યોજાત, વામદેવ, તત્પુરુષ, અઘોર, અને ઈશાન, નામનાં શિવનાં પાંચ અવતારની કથા જાણીએ.



હે દેવોના દેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રૂપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને મારાં સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રુદ્ર સંહિતાના પાંચેય ખંડનું સંક્ષિપ્તમાં આપણે ચિંતન કર્યું! અને ભક્ત માટે ભગવાનનું હંમેશા માટે એકદમ ભોળું અને નિરાળું સ્વરૂપ છે, એ જોયું. શિવ પુરાણમાં રુદ્ર સંહિતા પછી, એટલે કે શિવ પાર્વતી અને એમના પરિવાર તેમજ સર્વ કાળમાં શંકર સૌથી શ્રેષ્ઠ છે, એની કથા વિશે આપણે ચિંતન કર્યું. બ્રહ્મા, અને વિષ્ણુનાં પ્રકૃતિ ગત કાર્ય માટે પણ ભગવાન શિવશંકર જ કારણભૂત છે, અને છતાં એકપણ કાર્યનું એને અહમ નથી! ભગવાન અને ભક્ત વચ્ચે માત્ર ભાવ સિવાયની બાકી બધું જ ગૌણ છે, એ એમણે રાવણ, ત્રિપુરાસુર, તેમજ બાણાસુરની મદદ કરીને આચરણથી સિદ્ધ કર્યું. શિવ પુરાણમાં ભગવાન શિવનાં અનન્ય અવતાર સ્વરૂપ ને આલેખતા શતરુદ્ર સંહિતાનું પ્રકરણ આવે છે, અને શિવ અજન્મા છે, એટલે કોઈ માતાની કુખેથી જન્મ લેતા નથી, પણ પ્રગટ થયેલા મુખ્ય પાંચ અવતારની વાત આપણે આજે ચિંતનમાં કરીશું.

૧** સદ્યોજાત, શતરુદ્ર સંહિતામાં ભગવાનનાં વિવિધ અવતારની વાત આવે છે, અને એ પણ સૃષ્ટિના પ્રારંભ કાળમાં કે જ્યારે સ્વયં શિવે સૃષ્ટિ સર્જન કાર્ય માટે વિષ્ણુનાં નાભિ કમલ માંથી બ્રહ્માની ઉત્પત્તિ કરી. શતરુદ્ર સંહિતામાં નંદીકેશ્વર વેદ વ્યાસને આ અવતારની વાત કરી રહ્યા છે. પ્રારંભના કલ્પમાં બ્રહ્મા પરબ્રહ્મનું ધ્યાન કરે છે, ત્યારે તેમને સદ્યોજાત શિવ સ્વરૂપનાં દર્શન થયા! પોતાની સદબુદ્ધિથી બ્રહ્માજી એ સ્વરૂપનું ધ્યાન અને ચિંતન કરવાં લાગ્યાં, ત્યારે શ્વેત વર્ણનાં સુનન્દ, નન્દન, વિશ્વનંદ, અને ઉપનન્દન એમ ચાર કુમાર પ્રગટ થયા, અને એ બ્રહ્માજીનાં શિષ્ય બન્યા, અને એમનાં દ્વારા બ્રહ્મ લોકનો વ્યાપ થયો. શિવના સદ્યોજાત સ્વરૂપે બ્રહ્માને સૃષ્ટિ સર્જનની શક્તિ પ્રદાન કરી.

૨)**વામદેવ ''રક્ત'' નામનાં વીસમાં કલ્પમાં, બ્રહ્માજી એ રક્ત વર્ણનું શરીર ધારણ કરીને પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યા હતા, એ સમયે એમનાથી એક પુત્ર પ્રગટ થયો, જેના શરીર પર લાલ રંગનું વસ્ત્ર અને લાલ રંગની માળા હતી, જે આત્મબળથી સંપન્ન હતો. ધ્યાનસ્થ બ્રહ્માજી ને જ્ઞાત થયું કે આ શિવનો વામદેવ અવતાર છે, એમણે એમને કરબદ્ધ પ્રાર્થના કરી અને વામદેવ રુપી શિવે પ્રસન્ન થઈ વિરજા,વિવાહ, વિશોક અને વિશ્વભાવન એમ બીજા ચાર પુત્રો આપ્યાં જેમણે પણ લાલ વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

૩**તત્પુરુષ, એ પછી પીતવાસા નામનો એકવીસમો કલ્પ આવ્યો, અને ફરી બ્રહ્મા પુત્ર કામનાથી ધ્યાન કરી રહ્યાં હતાં, ત્યારે એમનામાંથી મહા તેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, તેમની ભૂજાઓ વિશાળ હતી અને પિતાંબર ધારી નાં બ્રહ્માજીને શિવનાં તત્પુરુષ સ્વરૂપનાં દર્શન થયા! અને એમણે, તત્પુરુષાય વિદ્મહે મહાદેવાય ધિમહી, તન્નો રૂદ્ર પ્રચોદયાત, એ શિવ ગ્રાયત્રી શ્લોકનો જાપ કર્યા, અને એમનાં પાશ્વ ભાગમાંથી પીતવસ્ત્ર ધારી કુમારો પ્રગટ થયા જે યોગમાર્ગના પ્રવર્તક થયાં.

૪** અઘોર, શિવ નામના કલ્પમાં, એક સહસ્ત્ર દિવ્ય વર્ષની સમાપ્તિ પછી, ફરી પાછાં બ્રહ્મા સૃષ્ટિ સર્જન માટે દુઃખી થઈ ગયાં, અને ચિંતા કરવાં લાગ્યાં, ત્યારે એ સમયે બ્રહ્મા સમક્ષ એક મહાતેજસ્વી કુમાર ઉત્પન્ન થયો, જેનો રંગ કાળો હતો, પણ તેનું તેજ અપરંપાર હતું, તેણે કાળું વસ્ત્ર કાળી પાઘડી અને કાળી જનોઈ ધારણ કરી હતી, એનો મુગુટ પણ કાળો હતો અને અનુલેપન કરેલ ચંદન પણ કાળું હતું. દેખાવે ભયંકર, પરાક્રમી અને છતાં અલૌકિક મહામનસ્વી કૃષ્ણ પીંગળ વર્ણવાળા અઘોર સ્વરૂપની સ્તુતિ વંદના કરી, ત્યારે એમનાં પાશ્વ ભાગમાંથી કૃષ્ણ વર્ણ વાળા ચાર કુમાર ઉત્પન્ન થયાં, એ બધાં પરમ તેજસ્વી કુમારનાં નામ કૃષ્ણ કૃષ્ણશિખ કૃષ્ણાસ્ય અને કૃષ્ણકંઠધૃક હતાં, અને એમણે બ્રહ્માની સૃષ્ટિ રચના માટે ઘોર નામના યોગનો પ્રચાર કર્યો.

૫** ઈશાન, ત્યાર પછી બ્રહ્માનો વિશ્વરૂપ નામે ઓળખાતો બીજો કલ્પ શરુ થયો, જે પરમ અને અદભૂત હતો. સૃષ્ટી સર્જનનું કાર્ય કરવા બ્રહ્મા ફરી ધ્યાનસ્થ થયાં, અને એ સમયે સિંહ નાદ સાથે સરસ્વતી પ્રગટ થયાં, અને સાથે સાથે પરમેશ્વરનાં ઈશાન સ્વરૂપનો પણ પ્રાદુર્ભાવ થયો, જેનો વર્ણ શુદ્ધ સ્ફટિક જેવો ઉજ્જવળ હતો, અને એ આભૂષણોથી વિભૂષિત હતાં. એ સ્વરૂપ અજન્મા સર્વવ્યાપી સર્વાન્તયામી સર્વસ્વરૂપ સુંદર રુપવાળા ઈશાનને બ્રહ્માજીએ પ્રણામ કર્યા, ત્યારે શક્તિ સહિત પ્રગટ થયેલા એ વિભુ ઈશાન એ પણ બ્રહ્માને સન્માર્ગનો ઉપદેશ આપીને ચાર સુંદર બાળકોનું વરદાન આપ્યું, જેનાં જટી, મુંડી, શિખંડી, અને અર્ધમુંડી, જે સદધર્મનું પાલન અને પ્રચાર કરતાં કરતાં યોગ ગતિને પ્રાપ્ત થઈ ગયાં.

નંદીશ્વર એ સનતકુમારને કહ્યું કે આમ જગતનાં હિત માટે સદ્યોજાત વગેરે અવતારોનું પ્રાગટ્ય બતાવ્યું. મહેશ્વરના ઈશાન, તત્પુરુષ, અઘોર, વામદેવ અને સદ્યોજાત એ પાંચ મૂર્તિઓ વિશેષ રૂપે પ્રસિદ્ધ છે. એમાં ઈશાન જે શિવ સ્વરૂપ તથા સૌથી મોટા છે એ પહેલાં કહેવાયા છે, તે સાક્ષાત પ્રકૃતિ ક્ષેત્રમાં નિવાસ કરનારા ભોક્તા છે, તેમજ શિવનું લોકપ્રિય સ્વરૂપ છે. શિવજીનું બીજું સ્વરૂપ તત્પુરુષ નામથી પ્રખ્યાત છે, તે ગુણોના આશરે રૂપ તથા ભોગ સર્વજ્ઞ છે. પીનાકધારી શિવનું અઘોર નામનું ત્રીજું સ્વરૂપ છે, તે ધર્મને માટે અંગો સહિત બુદ્ધિ તત્વનો વિસ્તાર કરવાં સૌની અંદર બિરાજમાન રહે છે. વામદેવ નામ વાળા શંકરનું ચોથું સ્વરૂપ અહંકારનું અધિષ્ઠાન છે, તે સદા અનેકો પ્રકારનું કાર્ય કરે છે. વિચારશીલ બુદ્ધિમાનોનું કથન છે, કે શંકરનું ઈશાન સ્વરૂપ સદા કર્ણ,વાણી, અને સર્વવ્યાપી આકાશનું અધિશ્વર છે, તથા મહેશ્વરનું પુરુષ નામનું રૂપ, પાણી, અને સ્પર્શ ગુણના વિશિષ્ટ વાયુનો સ્વામી છે. અઘોર નામવાળા રૂપને શરીર, રસ, રૂપ અને અગ્નિનું અધિષ્ઠાન કહે છે. શંકરજીનું વામદેવ સ્વરૂપ, રસના, વાયુ, રસ, અને જળના સ્વામી તરીકે ઓળખાય છે. પ્રાણ, ઉપસ્ય, ગંધ અને પૃથ્વી, શિવજીનું સદ્યોજાત નામનું રૂપ બતાવાય છે. કલ્યાણકામી મનુષ્યએ શંકરનાં સ્વરૂપોની સદા પ્રયત્ન પૂર્વક વંદના કરવી જોઈએ, કેમ કે શ્રેય પ્રાપ્તિમાં માટેનો એ એક માત્ર ઉપાય છે, ભગવાન શિવનાં આ પાંચ મુખ્ય અવતારનાં પ્રાગટ્યની કથા વાંચે અથવા સંભળાવે, તે જગતમાં સમસ્ત કામ્ય ભોગોનો ઉપયોગ કરીને, અંતમાં પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

શિવ પુરાણ મુજબનાં ભગવાન શિવનાં પાંચે પાંચ અવતાર માંથી આપણે સામાન્ય શું તારવી શકીએ? મારી જેમ એવો જો કોઈને પ્રશ્ન થાય તો, બે બાબત નોંધનીય છે, (૧) ભગવાન શિવ એ બધાજ કલ્પમાં બ્રહ્માજી ને ચારની સંખ્યામાં જ પુત્રો ભેટ આપ્યાં છે, અને એનાથી બ્રહ્મ લોકનું નિર્માણ થયું તેમજ યોગનો પ્રચાર થયો. ૨) ભગવાન એ એકપણ વખત ખુદની શક્તિ એટલે કે સ્ત્રી અર્થાત પુત્રી આપી નથી, અને એટલે જ એનો વિસ્તાર બહુ થયો નહીં, તેમજ એ કલ્પનું કોઈ અન્ય વિવરણ પ્રસ્તુત નથી! એટલે કે શક્તિ વગરનો સમય કે સંસાર બહુ ઉલ્લેખનીય નહીં હોય,! અને એટલે જ ભગવાન શંકરે આગળ પોતાના માંથી શક્તિ સ્વરૂપ શિવા ને અલગ કરી સર્જનમાં સહાય કરવા કહ્યું! એટલે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે પુરુષ હોય કે સ્ત્રી શક્તિ વગર બધું જ નકામું છે. ૐ નમઃ શિવાય.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# SIR માંથી ૩ માંથી ૧ મતદારને કાઢી નખાયા

## રાજધાની દિલ્હીમાં ૪૭ લાખ મત કેમ કાઢી નાખવામાં આવશે?

નવીદિલ્હી, તા. ૩૧

દિલ્હીની ડ્રાફ્ટ મતદાર યાદીએ ચૂંટણી પ્રક્રિયા પર નોંધપાત્ર પ્રશ્નો ઉભા કર્યા છે. ૩૧ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ડ્રાફ્ટ મતદાર યાદીમાં ૪,૭૫૬,૭૨૨ મતદારોના નામ શામેલ નથી. આનો અર્થ એ થયો કે દિલ્હીના આશરે ૧૪.૫ મિલિયન નોંધાયેલા મતદારોમાંથી લગભગ ત્રણમાંથી એક મતદાર યાદીમાંથી ગુમ છે. ૯,૭૫૩,૫૭૭ મતદારોના નામ ડ્રાફ્ટ યાદીમાં શામેલ કરવામાં આવ્યા છે. જો કે, આને અંતિમ કાઢી નાખવાનું ગણી શકાય નહીં. જેમના નામ ડ્રાફ્ટ યાદીમાં નથી તેમને ૩૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી દાવા અને વાંધા દાખલ કરવાની તક આપવામાં આવી છે. ચકાસણી પછી, સાચા નામો અંતિમ મતદાર યાદીમાં ઉમેરી શકાય છે. અંતિમ SIR યાદી ૪ નવેમ્બરના રોજ જાહેર થવાનું છે.

SIR હેઠળ, દિલ્હીમાં ઘરે ઘરે મતદાર ચકાસણી લગભગ દોઢ મહિના સુધી ચાલી. દિલ્હીમાં ૧૪,૫૧૦,૨૯૯ નોંધાયેલા મતદારોમાંથી, ૬૭.૨% એ તેમના ગણતરી ફોર્મ સબમિટ કર્યા અને ડિજિટાઇઝ કર્યા. આનો અર્થ એ થયો કે ચકાસણી પ્રક્રિયામાં આશરે ૯.૭૫ મિલિયન મતદારોના રેકોર્ડ મળ્યા. બાકીના ૩૨.૮%, અથવા ૪.૭૫ મિલિયનથી વધુ મતદારોને અજીઉઘ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. આમાં ગેરહાજર (ઘરે ન મળે), સ્થળાંતરિત (બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા), મૃત (મૃત), ડુપ્લિકેટ (ડબલ એન્ટ્રી) અને અન્યનો સમાવેશ થાય છે. ૪.૭૫૬ મિલિયન નામોનો અર્થ એ નથી કે આટલા બધા લોકોને મૃત અથવા નકલી જાહેર કરવામાં આવ્યા છે.

SIR દરમિયાન, બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ઘરે ઘરે જઈને ફોર્મનું વિતરણ કરતા અને મતદાર માહિતી એકત્રિત કરતા હતા. દિલ્હીના તમામ ૧૩ જિલ્લાઓમાં આશરે ૧૩,૦૦૦ ઈક્ઘ એ આ કાર્ય હાથ ધર્યું. આ સમયગાળા દરમિયાન, મોટી સંખ્યામાં લોકો તેમના નોંધાયેલા સરનામાં



પર મળ્યા ન હતા. કેટલાક દિલ્હીની અંદર ગયા હતા, જ્યારે અન્ય દિલ્હીની બહાર ગયા હતા. કેટલાક મતદારો મૃત્યુ પામ્યા છે, અને કેટલાક કિસ્સાઓમાં, એક જ વ્યક્તિ માટે બહુવિધ એન્ટ્રીઓ શંકાસ્પદ છે. અગાઉ જાહેર કરાયેલા ડેટા અનુસાર, આશરે ૨૦% મતદારો તેમના નોંધાયેલા સરનામાં પર મળ્યા ન હતા. આ અજીઉઘ શ્રેણીમાં ગુમ થયેલા મતદારોની મોટી સંખ્યા સમજાવે છે.

હાલમાં આ એક ડ્રાફ્ટ મતદાર યાદી છે. ચૂંટણી પંચે અવગણાયેલા મતદારોને તેમના દાવા રજૂ કરવાની તક આપી છે. મતદારો ૩૧ ઓગસ્ટથી ૩૦ સપ્ટેમ્બર સુધી તેમના દાવા રજૂ કરી શકે છે. આ પછી, જો જરૂરી હોય તો ઈક્ઘત ફિલ્ડ વેરિફિકેશન કરશે. જેમના દાવા અને દસ્તાવેજો સાચા જણાય છે તેમને અંતિમ યાદીમાં સામેલ કરી શકાય છે. તેથી, એવું કહેવું યોગ્ય રહેશે નહીં કે દિલ્હીમાં ૪૭.૫૬ લાખ મતો કાયમી ધોરણે કાઢી નાખવામાં આવ્યા છે. જીઈછ્નો હેતુ મતદાર યાદી અપડેટ કરવાનો અને મૃત, ટ્રાન્સફર, ડુપ્લિકેટ અથવા અયોગ્ય એન્ટ્રીઓ દૂર કરવાનો છે. આ પ્રક્રિયા દિલ્હીમાં ૩૦ જૂને શરૂ થઈ હતી. તે મૂળ ૨૯ જુલાઈ સુધીમાં પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ સમયમર્યાદા ત્રણ વખત લંબાવવામાં આવી હતી. હવે, ડ્રાફ્ટ યાદી જાહેર થયા પછી, વાસ્તવિક ચકાસણીનો આગળનો તબક્કો શરૂ થશે. જે લોકોના નામ ડ્રાફ્ટમાં નથી પણ તેઓ દિલ્હીમાં રહે છે અને મતદાન કરવા માટે લાયક છે તેમના દાવાઓની તપાસ કરવામાં આવશે.

### પાંચ અપમૃત્યુની અલગ અલગ ઘટનાઓ સ્વજનોને આપી ગઇ કારમો આઘાત

# બીજા માળેથી પટકાતાં યુવાનનું, હીંચકામાંથી પડતા બાળકનું મોત

## મનપાના કર્મચારી પ્રૌઢ, એક મહિલા અને એક યુવાનના દિલની દગાખોરીથી મૃત્યુ: એક વૃધ્ધાનું ઘરે બેભાન થઇ ગયા બાદ મોત

રાજકોટ, તા.૩૧

રાજકોટઃ અપમૃત્યુના રોજબરોજ બની રહેલા કરૂણ બનાવોને કારણે અલગ અલગ પરિવારોના માળા વેરવિખેર કરી થઇ જાય છે. વધુ આવી કરૂણ ઘટનાઓ બની છે. જેમાં એક કિસ્સામાં સેન્ટીંગ કામ કરતી વખતે બીજા માળેથી પડી જતાં સાડત્રીસ વર્ષના યુવાનનું મોત થયું હતું. તો બીજી ઘટનામાં હીંચકામાંથી પટકાતાં સાત મહિનાના બાળકનો જીવ ગયો હતો. અન્ય ત્રણ બનાવોમાં મનપાના કર્મચારી સહિત ત્રણ લોકોના હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયા હતાં. જેમાં એક મહિલા પણ સામેલ હતાં. અન્ય એક મહિલાનું બેભાન હાલતમાં મૃત્યુ થયું હતું. આમ પાંચ ઘટનાઓમાં પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

પ્રથમ કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો જુનાગઢના ચોરવાડી ગામે રહેતાં યુવાન વિસાવદરના સાપરડા ગામે નવી બની રહેલી હોસ્પિટલના બીજા માળે સેન્ટીંગ કામ કરતી વખતે પડી જતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. ચોરવાડી ગામે રહેતાં સાડત્રીસ વર્ષના રાહુલભાઇ વિનોદભાઇ પરમાર નામના યુવાન સવારે સાપરડા ગામે હોસ્પિટલનું બાંધકામ ચાલુ હોઇ ત્યાં બીજા માળે સેન્ટીંગ કામ કરતાં હતાં ત્યારે અકસ્માતે પટકાતાં ગંભીર ઇજા થઇ હતી.

તેમને જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન ગત રાતે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. મૃત્યુ પામનાર રાહુલભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે સેન્ટીંગ કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. યુવાન આધારસ્તંભ દિકરાના મોતથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આ અંગે જાણ કરતાં વિસાવદર પોલીસ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.



બીજા બનાવની માહિતી જોઇએ તો દોઢસો ફુટ રીંગ રોડ ટીલાળા ચોકડી પાસે રહેતાં અને મજુરી કરતાં મુળ મધ્યપ્રદેશના દંપતિના સાત મહિનાના દિકરાનું હીંચકામાંથી પડી જતાં મોત થયું હતું. વધુ વિગત મુજબ ટીલાળા ચોકડી પાસે રામજીભાઇ વેકરીયાના શેડમાં રહી મજૂરી કરતાં મધ્યપ્રદેશના ઇરાભાઇ ભુરીયાનો દિકરો રિતેશ કે જેની ઉમર સાત મહિના જ હતી તે હીંચકામાં હતો ત્યારે પડી જતાં ઇજા થતાં મોત થયું છે. બનાવની જાણ થતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું. મૃત્યુ પામનાર બાળક બે ભાઇ બે બહેનમાં નાનો હતો. લાડકવાયાના મોતથી મજૂર દંપતિ શોકમાં ગરક થઇ ગયું હતું.

અન્ય અપમૃત્યુની ચાર ઘટના જોઇએ તો મોરબી રોડ સોહમનગરમાં રહેતાં બાવન વર્ષના કૌશિકકુમાર હરસિંગ ચૌધરી ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. તેઓ આરએમસીમાં એસઆઇ તરીકે નોકરી કરતાં હતાં. મુળ વ્યારાના વતની હતાં. સંતાનમાં બે દિકરા છે. બીજા બનાવમાં આજીડેમ નજીક રામવન પાસે રામ પાર્કમાં રહેતાં મમતાબેન જીતુભાઇ બાંભવા નામના ચોપન વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેમને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પતિ પશુપાલન કરે છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું.

ત્રીજી ઘટનામાં કોઠારીયા નજીક લાપાસરીમાં રહેતાં વિનોદભાઇ ધરમશીભાઇ કોરાટ નામના પાંત્રીસ વર્ષના યુવાન મોટરસાઇકલ હંકારી હંકારી રોલેક્સ રોડ પર પોતાની બેકરી ખાતે આટો મારવા જતાં હતાં ત્યારે એકાએક તબીયત બગડતાં બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ બે ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ ખેતી કરવા સાથે બેકરી ચલાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યુ હતુ.

ચોથી ઘટનામાં જામનગર રોડ પરસાણાનગર-૬માં રહેતાં ત્રેસઠ વર્ષના જયાબેન બચુભાઇ સોલંકી બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. ડાયાબીટીશ સહિતની બિમારી હોવાનું સગાએ કહ્યું હતું. આ તમામ બનાવમાં હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસ, બી-ડિવીઝન અને પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં. આમ કુલ પાંચ અપમૃત્યુની ઘટના સ્વજનોને કારમો આઘાત આપી ગઇ હતી.

### જૂગાર રસિકો થાકતા નથીઃ પોલીસના પણ લાગલગાટ દરોડા

# છ જૂગાર દરોડામાં ૪૫ પકડાયા

## પોલીસે જેને પકડ્યા તેમાં પંદર મહિલાઓ પણ સામેલઃ પ્ર.નગર, ક્રાઇમબ્રાંચ, કુવાડવા રોડ, એ ડીવીઝન અને બી- ડીવીઝન પોલીસના સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, ભીસ્તીવાડ, જંકશન કો.ઓ. સોસાયટી, ખોરાણા ગામ, રામનાથપરા અને પાંજરાપોળ પાસે દરોડા પાડવામાં આવ્યા

રાજકોટઃ શહેરમાં શ્રાવણીયા જૂગારના દરોડાનો દોર યથાવત રહ્યો હતો. શહેર પોલીસે અલગ અલગ છ સ્થળોએ દરોડા પાડી જુગાર રમતી પંદર મહિલાઓ સહિત પીસ્તાલીસ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતા. ક્રાઇમબ્રાંચે અંબીકા ટાઉનશીપ નજીક સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, પ્ર.નગર પોલીસે ભીસ્તીવાડ અને જંકશન કો.ઓપરેટીવ સોસાયટીમાં મકાનમાં, કુવાડવા રોડ પોલીસે ખોરાણા ગામે વાડી વિસ્તારમાં એ-ડીવીઝન પોલીસે રામનાથપરામાં અને બી-ડીવીઝન પોલીસે પાંજરાપાળ પાસે જુગારધામ પર દરોડા પાડી કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો પ્ર.નગર પોલીસના પીએસઆઇ એસ. ડી. કોઠીવાર, કો. તૌફિકભાઇ મધરા સહિતના સ્ટાફે રઝીયાબેન ઉમરભાઇ નોડે (ઉ.૪૮) રહે. ભગવતી સોસાયટી, દૂધસાગર રોડએ જંકશન મેઇન રોડ પર ભીસ્તીવાડમાં મકાનમાં શરૂ કરેલા જૂગારધામ પર દરોડો પાડી જૂગાર રમતા રઝીયાબેન ઉપરાંત પુજાબેન નાનજીભાઇ કુગશીયા (ઉ.૨૯) રહે. પંડિત દિનદયાલ કવાટ્રર, કોઠારીયા સોલવન્ટ, શકીલાબેન શબ્બીરભાઇ કાદરી (ઉ.૫૫) રહે. શિવપરા, બ્રહ્મસમાજ ચોક, રૈયા રોડ, મનીષાબેન જીતભાઇ વાસાણી (ઉ.૩૮) રહે. ગોકુલ પાર્ક ગેઇટ શેરી નં. ૩, સરકાર મેઇન રોડ, પુજાબેન મનસુખભાઇ મકવાણા (ઉ.વ.૩૧ રહે. રામેશ્વર ગોલ્ડ સોસાયટી, કોઠારીયા રોડ), સરોજબેન વિજયભાઇ સોનરાન (ઉ.વ.૪૫ રહે. કર્મચારી સોસાયટી, ૧૫૦ ફુટ રીંગ રોડ અને જીન્નતબેન નુરએહમદભાઇ સુંભણીયા (ઉ.વ.૩૬ રહે. ગુ.હા. બોર્ડ કવાર્ટર, દુધસાગર રોડ)ને રૂા. ૧૨,૨૪૦ની રોકડ અને ૬ ફોન સહિત રૂા. ૪૪,૨૪૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

બીજા દરોડામાં ક્રાઇમ બ્રાંચના પી.આઇ. એ.એસ. ચાવડાની રાહબારીમાં પીએસઆઇ વી. ડી. રાવલીયા, એએસઆઇ સમીરભાઇ શેખર, હેડક કો. દિપકભાઇ ડાંગર, કો. જીલુભાઇ ગરચર, અંબીકા ટાઉનશીપ નજીક સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે એકવા એલીગેન્સ એપાર્ટમેન્ટમાં ફલેટ નં. ૮૦૪ માં રહેતાં પીયુષ લાલજીભાઇ કણાસાગરા (ઉ.૪૮) ના ફલેટમાંથી જૂગાર રમતાં પીયુષ ઉપરાંત ચીરાગ પ્રવિણભાઇ ઝાલાવડીયા (ઉ.૨૧) રહે. આકાર હાઇટસ વાવડી, ધર્મેશ પ્રવિણભાઇ કરગથરા, (ઉ.વ.૩૬), સાગર મનસુખભાઇ કોટડીયા (ઉ.વ.૩૩), અમીત જેન્તીભાઇ શીરા (ઉ.વ.૫૦) રહે. ત્રણેય વલ્લભ વાટીકા એપાર્ટમેન્ટ, મવડી, કુમન માધવજીભાઇ પનારા (ઉ.વ.૪૮ રહે. એકવા બ્લ્યુ એપાર્ટમેન્ટ, મોટામવા) અને રાકેશ છગનભાઇ શેરઠીયા (ઉ.૪૮) રહે. સંગમ પેલેસ એપાર્ટમેન્ટ, જીવરાજ પાર્ક, મવડીને રૂા. ૫૬,૧૦૦ ની રોકડ સાથે પકડી લીધા હતાં.

ત્રીજા દરોડામાં કુવાડવા રોડ પોલીસના પીઆઇ કે.પી. તરૈટીયાની રાહબરીમાં એએસઆઇ ખોડુભા જાડેજા, કોન્સ્ટેબલ જયદીપભાઇ ધોળકીયા સહિતના સ્ટાફે રાજકોટ નજીક ખોરાણા ગામે વાડી વિસ્તારમાં ડેમો ડુંગર પાસે જાહેરમાં જુગાર રમતા રાયસીંગ ઘુસાભાઇ રોડીયા (ઉ.વ.૪૩ રહે. શુકલ પીપળીયા) ખીમજી રણછોડભાઇ સોલંકી (ઉ.વ.૬૦), નરેશ કાળુભાઇ જાખલીયા (ઉ.વ.૩૨)અજય હંસરાજભાઇ સોલંકી (ઉ.વ.૩૨) બટુક તેજાભાઇ હાડગરડા (ઉ.વ.૬૦) મહેશ હિરાભાઇ સોલંકી (ઉ.વ.૪૩) રામા પાંચાભાઇ ઓળકીયા (ઉ.વ.૫૯) રહે. બધા ખોરાણા) અને રોહીત કરશનભાઇ ચૌહાણ (ઉ.વ.૩૨ રહે. કુવાડવા રોડ ડી-માર્ટ પાસે)ને રૂા. ૨૬,૩૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

ચોથા દરોડામાં એ ડીવીઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ કરણભાઇ વીરસોડીયા, કોન્સ્ટેબલ ધવલભાઇ જીલડીયા સહીતના સ્ટાફે રામનાથપરામાં ભવાનીનગર મેઇન રોડ પર જાહેરમાં જુગાર રમતા ઇમરાન ઇકબાલભાઇ ટોયા (ઉ.વ.૩૫ રહે. હુશેની ચોક, રામનાપરા) ભરત કેશુભાઇ વાઘેલા (ઉ.વ.૩૦ રહે. નવયુગપરા જુની જેલના ઝાપા પાસે), વિજય સવાભાઇ ચારોલીયા (ઉ.વ.૪૫ રહે. કુંબલીયાપરા) ઝાફર સિકદરાભાઇ મકરાણી (ઉ.વ.૩૨ નવયુગપરા), ફેઝલ જાહીદભાઇ ચાનીયા (ઉ.વ.૨૪ રહે. રામનાથપરા પોલીસ લાઇન પાછળ), હરેશભાઇ નાનજીભાઇ ચૌહાણ (ઉ.વ.૪૬ રહે. ભવાનીનગર, રામનાથપરા), રાકેશ રમેશભાઇ રાઠોડ (ઉ.વ.૨૬ રહે. ચુનારાવાડ , ચીરાગ રાજેશભાઇ મકવાણા (ઉ.વ.૨૧ રહે. ભવાનીનગર), રાજુ મંગાભાઇ પરમાર (ઉ.વ.૪૦ રહે. ભવાનીનગર) અને હકો ઉર્ફે ચંદ્રેશ બાબુભાઇ કેસરાણી (ઉ.વ.૪૭ રહે. ભવાનીનગર)ને રૂા. ૨૧,૬૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

પાંચમા દરોડામાં બી ડીવીઝન પોલીસના જમાદાર નરેશભાઇ ચાવડા, કોન્સ્ટેબલ જગમાલભાઇ જાદવ સહીતના સ્ટાફે પાંજરાપોળ શાળા નં. ૧૪ વાળી શેરીમાં જાહેરમાં જુગાર રમતા મુકેશ મગનભાઇ શનુરા (ઉ.વ.૪૪), રફીકશા ઇસ્માઇલશા ફકીર (ઉ.વ.૬૨), વિવેક અશોકભાઇ વાઘેલા (ઉ.વ.૨૮) અને ચમન બાબુભાઇ દેગામા (ઉ.વ.૫૫ રહે. બધા પાંજરાપોળ)ને રૂા. ૧૪,૪૨૦ની રોકડ સાથે પકડી લીધા હતા.

તેમજ છટ્ઠા દરોડામાં પ્રધ્યુમનગરનગર પોલીસના પીએસઆઇ એસ.ડી.કોઠીવાર, કોન્સ્ટેબલ વનરાજભાઇ બોરીચા સહિતના સ્ટાફે જંકશન કો.ઓપરેટીવ સોસાયટી શેરી નં. ૮ માં રહેતા ટવીન્કલબેન નીરજભાઇ તલરેજા (ઉ.વ.૨૫)ના મકાનમાંથી જુગાર રમતા ટવીન્કલબેન ઉપરાંત ઉષાબેન ગુરૂમુખદા ખટવાણી (ઉ.વ.૫૭ રહે. ઝુલેલાલનગર), લક્ષ્મીબેન ગુલાબભાઇ મેઘાણી(ઉ.વ.૪૫ રહે. આસ્થા ચોક પાસે, રેલનગર), તનશાબેન વીશાલભાઇ દાવડા (ઉ.વ.૨૨ રહે. આસ્થા ચોક પાસે, રેલનગર) હંસાબેન કનૈયાલાલ દાવડા(ઉ.વ.૫૦ રહે. શારદા એપાર્ટમેન્ટ, આસ્થા ચોક પાસે રેલનગર), મીનાક્ષીબેન કમલભાઇ ગંગલાણી (ઉ.વ.૨૬ રહે. સીંધી કોલોની કવાર્ટર, જંકશન), વંદનાબેન નીરજભાઇ ગંગલાણી (ઉ.વ.૩૪ રહે. સીંધી કોલોની કવાર્ટર, જંકશન) દીપીકાબેન દીનેશભાઇ ગંગલાણી (ઉ.વ.૩૫ રહે. સીંધી કોલોની કવાર્ટર, જંકશન) અને કનૈયાલાલ દયાલભાઇ દાવડા (ઉ.વ.૪૯ રહે. જનક કોટક ટાઉનશીપ, પોપટપરા સ્મશાન પાસે)ને રૂા.૧૪,૪૦૦ની રોકડ સાથે પકડી લીધા હતા. આમ છ દરોડામાં પિસ્તાલીસ પત્તાપ્રેમીઓ સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

# ત્યક્તાને લગ્નની લાલચ દઇ કારખાનેદારનું વારંવાર દૂષ્કર્મ

## હોટેલ, રિસોર્ટ સહિતના સ્થળોએ લઇ જઇ દેહ પીંખ્યોઃ ગર્ભપાત પણ કરાવડાવ્યોઃ છેલ્લે મહિલાને ખબર પડી કે આ શખ્સ બે સંતાનનો પિતા છેઃ લગ્નની ના પાડી તરછોડી દીધીઃ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા આરોપીની ધરપકડ



રાજકોટ, તા. ૨૪

રાજકોટઃ લવ સેક્સ ઔર ધોખા જેવી અનેક ઘટનાઓ અત્યાર સુધીમાં પોલીસ ચોપડે ચડી ચુકી છે. વધુ એક આવા બનાવમાં એક મહિલા ભોગ બની છે. છુટાછેડા લઇ લીધેલી એક સંતાનની માતા એવી આ મહિલાને બીજા લગ્ન કરવા હોઇ એક પરિચીતને સારો કોઇ વ્યક્તિ હોય તો લગ્ન માટે ધ્યાન દોરવા કહ્યું હતું. જેના આધારે ગોંડલ પંથકના કારખાનેદારે પોતે પરણેલો અને બે સંતાનનો બાપ હોવા છતાં કુંવારો હોવાનું કહી આ મહિલાનો પરીચય કેળવી પોતે લગ્ન કરવા ઉત્સુક છે તેવુ કહી વાતોમાં ભોળવી હતી. બાદમાં લગ્નની લાલચ દઇ અવાર-નવાર તેણી સાથે દૂષ્કર્મ આચરી લઇ ગર્ભ પણ રાખી દીધો હતો. જો કે ધમકી દઇ ગર્ભપાત કરાવડાવી નાંખ્યો હતો. બાદમાં તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો એક ત્યકતા મહિલાને લગ્નની લાલચ આપી ગોડલના નવાગામના પરણેલા શખ્સે ફસાવી અવાર-નવાર રાજકોટ તેમજ રિસોર્ટ, હોટેલમાં લઇ જઇ દૂષ્કર્મ આચરી છેલ્લે લગ્નની ના પાડી દેતાં તેણીએ મહિલા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઇ કાર્યવાહી કરી છે. તે બે સંતાનનો પિતા છે. આરોપીએ છેલ્લે ભોગ બનનારને ગર્ભ રહી ગયો હતો તે પણ ધાકધમકી આપીને પડાવી નાંખ્યો હતો. આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશના દ્વારા ભોગ બનનાર મહિલાની ફરિયાદને આધારે ગોંડલના નવાગામમાં રહેતાં કારખાનેદાર આડત્રીસ વર્ષના સંજય મનસખુભાઇ કંડોલીયા સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી હતી.

ફરિયાદની વિગત મુજબ ભોગ બનનાર મહિલાના વર્ષ ૨૦૨૦મા છુટાછેડા થઇ ગયા હતાં. તેમને એક સંતાન હોઇ જેના ઉછેર માટે બીજા લગ્ન કરવાનું નક્કી કર્યુ હતું. આ દરમ્યિાન પરીચીતને વાત કરી કોઇ સારો યુવાન હોય તો જાણ કરવા કહ્યું હતું. તપાસનીશ મહિલા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર આર. જી. પઢારીયાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં આ મહિલાનો સંપર્ક ગોંડલ નવાગામના સંજય કંડોલીયાએ કર્યો હતો અને પોતે કારખાનેદાર હોવાનું અને લગ્ન કરવા ઇચ્છુક હોવાનું તેમજ અપરિણીત હોવાનું કહ્યું હતું. મહિલાને તેના પર વિશ્વાસ બેસી જતાં શરૂઆતમાં એક બીજા સાથે વાતચીત કરી હતી. બાદમાં સંજયએ તેણીને પોતે ખુબ જ પ્રેમ કરે છે અને ટુંક સમયમાં જ લગ્ન કરી લેશે તેવુ કહી તેણી સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો.

આ પછી તે અવાર-નવાર લગ્ન કરી જ લેવાના છે તેમ કહી રાજકોટમાં તેમજ રિસોર્ટમાં અને હોટેલમાં તથા અલગ અલગ જગ્યાએ લઇ જઇ તેની સાથે શરીર સંબંધ બાંધી લેતો હતો. ભોગ બનનાર મહિલા જ્યારે પણ લગ્ન કરવાનું કહે ત્યારે તે અલગ અલગ બહાના બતાવી દેતો હતો. આ દરમિયાન તેણીને બે મહિનાનો ગર્ભ રહી જતાં ધાકધમકી આપીને ગર્ભપાત કરાવડાવી નાંખ્યછ હતો. આ પછી તેણીને શંકા જતાં તપાસ કરતાં સંજય પરણેલો અને બે સંતાનનો પિતા હોવાની ખબર પડી હતી. ત્યારે પણ સંજયએ લગ્ન કરી લેશે તેવુ કહ્યું હતું. પણ છેલ્લે ગાળો દઇ ડરાવી ધમકાવી તરછોડી દીધી હતી અને લગ્નની ના પાડી દીધી હતી.

આથી પોતાની સાથે લગ્નના નામે છેતરપીંડી અને શારીરિક શોષણ થયાનું જણાતાં તેણી મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચતા મહિલા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર આર. જી. પઢીયાર તથા રાઇટર અરૂણાબેને ગુનો દાખલ કર્યો હતો. આરોપી સંજય કંડોલીયાની ધરપકડ કરી લઇ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. આ પ્રકારના બનાવ અગાઉ પણ અનેક વખત પોલીસ ચોપડે ચડી ચુક્યા છે જેમાં લેભાગુઓ સગીરાઓ કે યુવતિઓને અને કયારેક આ રીતે પરિણીતાઓ, ત્યકતાઓને ફસાવી લગ્નની લાલચ દઇ આંબા આંબલી બતાવી દેહ પીંખી લઇ તરછોડી દેતાં હોય છે. આ કિસ્સામાં પણ આવુ જ થયું હતું.

# છરી બતાવી ચલાવી લૂંટ

## કાલાવડ રોડ પર આણંદપર બાઘીના પશુપાલક યુવાન સાથે બનાવઃ ત્રણ લૂંટારા મારમારી ચાંદીનુ કડુ, સોનાની કડી ખેંચી ગયા : તાલુકા પોલીસે તપાસ શરૂ

રાજકોટ તા. ૩૧

શહેરમાં ચોરી લૂંટની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. એક પશુપાલકને અટલ સરોવર પાસે લૂંટી લેવાયાની ઘટના બાદ વધુ એક બનાવ સામે આવ્યો હતો. જેમાં કાલાવડ રોડ પર ટુવ્હીલરમાં ભાણેજને બેસાડીને જઇ રહેલા આણંદપર બાઘીના પશુપાલક યુવાનને એક શખ્સે સામુ જોવા મામલે આંતરી ઝઘડો કરી બીજા બે શખ્સોને બોલાવી મારામારી કરી હતી. બાદમાં મારકુટ કરી છરી બતાવી ચાંદીનું કડુ અને સોનાની કડી લૂંટી લીધા હતાં. આ ત્રણેયની તાલુકા પોલીસે શોધખોળ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો તાલુકાના આણંદપર બાઘી ગામે રહેતો અને પશુપાલન કરી ગુજરાન ચલાવતો યુવાન પોતાના ભાણેજને ટુવ્હીલરમાં બેસાડી દિકરાની માનતા ઉતારવા જતો હતો ત્યારે કાલાવડ રોડ કણકોટ નજીક તેને એક શખ્સે સામુ જોવા મામલે ગાળો દીધા બાદ આગળ તેને ઉભો રાખી બીજા બે શખ્સોને બોલાવી છરી બતાવી ઘા મારી દેવાની ધમકી દઇ ઢીકાપાટુનો માર મારી વાળ ખેંચી ચાંદીનું ૫૦૦ ગ્રામનું કડુ અને કાનમાં પહેરલી સોનાની કડી મળી કુલ રૂા. ૯૨ હજારના દાગીના લૂંટી લેતાં તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. આ બનાવમાં તાલુકા પોલીસે રાજકોટના આણંદપર બાઘીના પાદરમાં રહેતાં અને ઢોર ચરાવી ગુજરાન ચલાવતાં દેવજી મોહનભાઇ જખાનીયા નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે લૂંટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વિશેષ માહિતી અનુસાર દેવજી પરિવાર સાથે રહે છે અને પશુપાલન કરે છે. તેની સાથે ૮૦ વર્ષના પિતા મોહનભાઇ, પત્નિ કસ્તુબેન, ત્રણ દિકરા અને ત્રણ દિકરી રહે છે. દેવજીએ ફરિયાદમાં જણાવ્યું છે કે તા. ૫/૮ના રોજ મારા દિકરાની માનતા પુરી કરવાની હોઇ જેથી મારા ગામથી હું તથા મારો ભાણેજ મેહુલ જે પંદર વર્ષનો છે તેને એક્ટીવા લઈ મારા રાજકોટ કણકોટ ગામ ખાતે રહેતા મારા ભાણેજ કિશનના ઘરે જતા હતાં. ત્યારે બપોરના ત્રણેક વાગ્યા આસપાસ કણકોટ ગામ પહેલા કાલાવડ રોડ ઉપર પહોચતા એક દુધીયા જેવા કલરનુ એક્સેસ લઇને એક શખ્સ આવ્યો હતો.

તેણે લાલ કલરનુ ટી-શર્ટ તથા જીન્સનુ પેન્ટ પહેરેલા હતાં. મારાથી તેની સામે જોવાય જતાં તેણે મારી નજીક આવી મારી સામે કેમ જોયું? તેમ કહી મને ગાળો દીધી હતી તેમજ ગાડી સાઇડમા ઉભી રાખવા કહ્યું હતું. આથી મેં તેને ભુલથી સામુ જોવાઇ ગયું છે તેમ કહ્યું હતું અને મારુ વાહન આગળ ચલાવ્યું હતું. પણ એ શખ્સે મને તારુ કામ છે કહી સાઇડમાં વાહન ઉભુ રાખવા કહેતાં મેં વાહન અટકાવ્યું હતું. આ પછી તેણે ફોન કરતાં બીજા બે શખ્સો ટુવ્હીલર પર આવ્યા હતાં. જેમાં એકે કેસરી શર્ટ અને બ્લુ જીન્સ તથા બીજાએ કાળો શર્ટ અને પેન્ટ પહેરેલા હતાં. બાદમાં આ ત્રણેયએ મળીને મને ગાળો દઇ મારકુટ કરતાં મારો ભાણેજ ડરી જતા તે ત્યાથી ભાગી ગયો હતો.

બાદમાં હુ પણ નજીકમા આવેલ ચા-પાનની હોટલ તથા જમવાની ધાબા જેવી હોટલ હતી ત્યાં જતો રહ્યો હતો. પરંતુ આ ત્રણેય શખ્સો ત્યાં પાછળ આવ્યા હતાં અને મને ધમકાવવા માંડ્યા હતાં અને માર મારવા માંડ્યા હતાં. માણસો ભેગા થઇ જતાં મને વધુ મારથી બચાવ્યો હતો. આ દરમિયાન કાળા શર્ટ-પેન્ટવાળા શખ્સે છરી કાઢી હતી અને ઘા મારી દેતાં વાર નહિ લાગે તેમ કહી ધમકી દીધી હતી. પણ માણસોએ તેને પકડી લેતાં તેણે છરી મુકી દીધી હતી. આ પછી હું ચાની હોટેલની સાઇડમાં ઉભો હતો ત્યારે કેસરી કલરનો શર્ટ પહેરેલ શખ્સે મારી પા છળથી આવી મને પકડી લીધેલ અને બીજો કાળા કલરના પેન્ટ શર્ટ પહેરેલ શખ્સ પણ આવી જતાં બંને ફરી મારકુટ કરવા માંડ્યા હતાં.

આ પછી મને વાળ પકડી ખેંચી ત્યાથી દુર લઈ ગયેલ. જ્યા લાલ કલરનુ ટી-શર્ટ પહેરેલ શખ્સ પણ આવી ગયેલ અને માર માર્યો હતો. બાદ કેસરી કલરના શર્ટવાળા શખ્સે છરી કાઢી મારા જમણા હાથમાંથી ચાંદીનું ૫૦૦ ગ્રામનું કડુ બળજબરીથી કાઢી લીધેલ તેમજ કાળા કલરના પેન્ટ શર્ટ પહેરેલ શખ્સે પણ મારા જમણા કાનના ઉપરના ભાગે પહેરેલ આશરે ત્રણ ગ્રામની સોનાની કડી ખેંચી કાઢી હતી. જેથી મને લોહી વહેવા લાગ્યા હતાં. આ પછી ત્રણેય ભાગી ગયા હતાં.

બાદમાં મારો ભાણેજ સામેની સાઇડમાં ઉભો હોઇ તેને લઇને હું પોલીસ સ્ટેશને ગયો હતો અને અરજી આપી હતી. બાદમાં આણંદપર જઇ રસ્તામાં ગવરીદળમાં ડોક્ટર પાસે સારવાર કરાવી હતી. બાદમાં હું મારા સામાજી કાર્યમાં રોકાયો હોઇ હવે ફરિયાદ નોંધાવી હતી. ત્રણમાંથી એક શખ્સે પહેલા સામુ જોવા મામલે ઝઘડો કર્યો હતો બાદમાં બીજા બે શખ્સોને બોલાવ્યા હતાં અને મારકુટ કરી ગાળો દઇ છરીના ઘા મારી દેવાની ધમકી આપી વાળ ખેંચી છરી બતાવી રૂા. ૫૦ હજારનું ચાંદીનું ૫૦૦ ગ્રામનું કડુ અને સોનાની કડી રૂા. ૪૨ હજારની જે કાનમાં પહેરી હતી તે ખેંચીને લૂંટી ગયા હતાં. તેમ વધુમાં દેવજીએ જણાવતાં પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઅઇ પી. જી. આલએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. અટલ સરોવર પાસે પશુપાલકને લૂંટી લેવાયાની ઘટના બાદ અહિ પણ એક પશુપાલકને જ લૂંટારાઓએ શિકાર બનાવ્યો હોઇ બંને ઘટનામાં એક જ ટોળકી તો નથી ને? તેની તપાસ થઇ રહી છે.

### સાયબર ફ્રોડની દુનિયામાં ગઠીયા વધુ એક નવી તરકીબ લઇ આવ્યાઃ ચેતતા રહેજો

# રાતે ઓનલાઈન નાણા જમા થયા સવારે ઉપડી ગયા!

## ગઠીયાઓએ મહિલાનો ફોન હેક કરી ફ્રોડ આચર્યુઃ તેણીની નજર સામે વર્ચ્યુઅલી પાસવર્ડ નાંખી રૂપિયા લઇ લીધા!

રાજકોટ, તા. ૩૧

રાજકોટઃ ઓનલાઇન સાયબર ફ્રોડ આચરતા ગઠીયાઓ પળવારમાં નજર હટી દુર્ઘટના ઘટીને ધ્યાને રાખીને લોકોને છેતરી લેતાં હોય છે. આવી જ એક ઠગાઇ થઇ હતી જેમાં મીહલાની નજર સામે જ મોબાઇલ હેક કરીને વર્ચ્યુઅલી પાસવર્ડ નાંખીને રોકડા ઉસેડી લેવાયા હતાં. નવા ડીજીટલ સાયબર ક્રાઇમની ઘટના સામે આવતાં પોલીસ પણ સતર્ક બની હતી. જો કે સાયબર ફ્રોડની દુનિયામાં એક હકિકત એ છે કે સાયબર ક્રાઇમ પોલીસ ગમે તેવા પ્રયાસ કરે પણ સાયબર ગઠીયાઓ તેના કરતાં અનેક ડગલા આગળ રહે છે અને લોકોને છેતરતા જ રહે છે.

વિગતો પર નજર કરીએ તો વડોદરા ન્યુ કારેલીબાગ વિસ્તારમાં સાયબર ફ્રોડનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભેજાબાજે મહિલાનો મોબાઈલ હેક કરી, મહિલાની નજર સામે રહેલા મોબાઇલનું રિમોટ એક્સેસ મેળવી રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. ભેજાબાજ ફોન ઓન કરતો, પાસવર્ડ ઈનપુટ કરતો, યુપીઆઈ એપ ખોલતો અને રૂપિયા ટ્રાન્સફર કરતો હતો. પરંતુ યુઝર ફોનમાં કશું કરી શકતો નહોતો. આ નવો કિમીયો ડિજિટલ લૂંટના નામે ઓળખાઇ રહ્યો છે. બનિયન સિટી ખાતે રહેતા હરીસિંહ પુવારના જણાવ્યા મુજબ રાતે દોઢ વાગ્યે તેના પત્નીના બેંક ખાતામાં ટુકડે-ટુકડે રૂ.૩૧,૩૦૦ જમા થયા હતા. સવારે સાત વાગ્યે જોયું તો ફોન ઓટો-અપડેટમાં હતો અને તેમાંથી ગિટ કાર્ડ ખરીદીને રકમ ટ્રાન્સફર થઈ ગઈ હતી. બેંકમાં જઈ યુપીઆઈ બંધ કરાવી દીધું હતું.

આ પછી ખાતામાં ફરી રૂ.એક હજાર જમા થયા હતા. સાંજે ફોન ઓટો-અપડેટ મોડમાં ગયો હતો. મહિલાની નજર સામે જ વર્ચ્યુઅલી મહિલાનો ફોન અનલોક કરી કોઇ પાસવર્ડ નાખી યુપીઆઈ એપથી રકમ ટ્રાન્સફર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તે સમયે સ્ક્રીનનું ટચ સેન્સર બ્લોક થઈ ગયું હતું. ફોનની સ્ક્રિન બંધ કરવા છતાં ભેજાબાજે ફોન ફરી સ્ક્રિન ટર્ન ઓન કરી પ્રયાસ ચાલુ રાખ્યા હતા, પરંતુ યુપીઆઈ બંધ હોવાથી ટ્રાન્ઝેકશન નિષ્ફળ રહ્યા હતા. ખાતામાં બચેલા રૂપિયા આઠ હજાર અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતાં જ બંને ખાતા ફ્રિઝ થઈ ગયા હતા. બેંકમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે ખાતામાં ગોવા, તેલંગાણા અને તમિલનાડુથી છેતરપિંડીના નાણાં જમા થયા હતા અને ત્યાં આ મામલે સાયબર ગુનો નોંધાયેલો હતો.




સાયબર ક્રાઇમના જાણકારોના કહેવા અનુસાર આ પ્રકારનો ફ્રોડ એપીકે ફાઈલ ડાઉનલોડ થવાથી થાય છે. આ એક નવો કિમીયો છે, આંખો સામે રૂપિયા ટ્રાન્સફર થઈ રહ્યા છે, તો તેને ડિજિટલ લૂંટ કહી શકાય છે. રેટ રિમોટ એક્સેસ ટુલનો ઉપયોગ કરી ભેજાબાજ કોઈ પણ વ્યક્તિના ફોનનો એકસેસ મેળવી લે છે. આ આરટીઓ, ચલણ, આમંત્રણ વગેરે અથવા કોઈ લિંક પર ક્લિક કરવાથી બેકગ્રાઉન્ડમાં ફાઈલ ડાઉનલોડ થઈ જાય છે. તેનાથી ફોનના પાસવર્ડ સહિત તમામ વિગતો ભેજાબાજ મેળવી લે છે. તે ટ્રેક ન થઈ શકે એટલે વિવિધ ગિટ કાર્ડમાં રૂપિયા ટ્રાન્સફર કરે છે.

ઉપરાંત ગીટ હબ એક સાઇટ છે, જેમાં વિવિધ સોર્સ કોડ આવે છે. ભેજાબાજો તેનો ગેરફાયદો ઉઠાવે છે. કોઈ એક વ્યક્તિના ફોનથી તેના સંપર્કોને મેસેજથી સોર્સ કોર્ડ મેળવી, તેમાં કોડિંગ કરીને ભેજાબાજો હેકિંગ કરવા એકાઉન્ટ નંબર, ફોન એક્સેસ, વગેરે કરી એપ બનાવે છે. તે બેકગ્રાઉન્ડમાં ડાઉનલોડ થઈને છેતરપિંડી માટે ઉપયોગ કરાય છે. ક્યારેક ભુલથી એપીકે ફાઇલ ડાઉનલોડ થઈ જાય અને તે ફોન સ્લો થઈ જાય, અથવા જાતે જ તેમાં વિવિધ ફાઇલ ખુલવા લાગે તો ફોનને સ્વિચ ઓફ કરી દેવો, અને બેંકને જાણ કરી ખાતુ ફ્રિઝ કરાવી દેવું જોઈએ.

તેમજ યુપીઆઈ ટ્રાન્ઝેકશન માટે અલગ બેંક ખાતુ રાખો, જે જરૂરિયાત પૂરતુ હોય તેમાં વધુ રૂપિયા ન રાખવા. કોઈ પણ એપીકે ફાઇલ સોશિયલ મીડિયા પર આવી હોય તેને ડાઉનલોડ કરવી નહીં, આ ફાઇલ પરિચિતના મેસેજમાં આવે તો પણ તેને ખોલવી નહીં. પરિચિતનો ફોન હેક કરી ભેજાબાજો ફાઇલ મોકલે છે. કોઈ પણ સાયબર ફ્રોડનો ભોગ બનો તો તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઇન ૧૯૩૦ પર સંપર્ક કરવો, સાથે જ સ્થાનિક પોલીસને જાણ કરવી. જીઆરએમ પોર્ટલથી વિવાદિત રકમ જ ફ્રીઝ થઇ શકે છે, જીઆરએમ પોર્ટલ જે ખાતાધારકનું બેંક એકાઉન્ટ ફ્રિઝ થયું હોય, તેમણે સંબંધિત બેંકનો સંપર્ક કરવાનો રહેશે.

ઉપરાંત બેંક દ્વારા ગ્રીવન્સ રિડ્રેસલ મોડ્યુલ મારફતે અરજી પ્રોસેસ કરાશે. માત્ર વિવાદિત રકમ જ હોલ્ડ થશેં તપાસ બાદ જો એકાઉન્ટમાં કોઈ શંકાસ્પદ વ્યવહાર થયો હોય, તો માત્ર વિવાદિત રકમ જ ફ્રિઝ રખાશે અને રૂપિયા એકસેસ કરી શકાશે. અનફ્રીઝ પોર્ટલેં ગુજરાત સીઆઈડીનું અનફ્રિઝ પોર્ટલથી પોલીસ દ્વારા ખાતુ અનફ્રિઝ કરવા પ્રોસેસ કરાતી હોય છે.

# કચરા ગાડીમાંથી પતરૂ લાગી જતાં મહિલાનો જીવ ગયો

### નાકરાવાડીના પરિવારમાં કલ્પાંતઃ બે બાળકો મા વિહોણા થઇ ગયા

રાજકોટ, તા.૩૧

રાજકોટઃ માણસને પરલોકના તેડા ક્યારે અને કેવી રીતે આવી જાય તે નક્કી હોતુ નથી. આવીજ એક ઘટના બની હતી. જેમાં એક મહિલા કચરો વીણવા ગઇ ત્યાર કચરા ગાડીમાંથી પતરૂ ઉડીને કમરના ભાગે લાગી જતાં મોત થયું હતું. કુવાડવા રોડ સાત હનુમાન મંદિર પાછળ નાકારવાડીમાં આરએમસીના ડમ્પીંગ યાર્ડ ખાતે કચરો વીણતી વખતે આ બનાવ બન્યો હતો. આ ઘટનાને કારણે બે માસુમ બાળકો મા વિહોણા થઇ ગયા હતાં. મોટા તહેવારના આરંભને દિવસે જ આ ઘટના બનતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો કુવાડવા રોડ પર નાકરાવાડી ડમ્પીંગ યાર્ડ ખાતે શહેરભરના કચરાનો નીકાલ કચરા ગાડીઓ મારફત થાય છે. આ ગાડીઓ અહિ કચરો ઠાલવવા આવે ત્યારે મોટી સંખ્યામાં મહિલાઓ, પુરૂષો કચરામાંથી કાચની બોટલો, પુઠા, પસ્તી કે બીજી ચીજવસ્તુઓ કે જે વીણીને ભંગારમાં આપી શકાય તેવી હોય તે વીણવા આવતાં હોય છે. આ દરમિયાન એક મહિલા અહિ કચરો વીણવા આવી ત્યારે કમરમાં પતરૂ લાગી જતાં જીવલેણ નીવડ્યું હતું.



ઘટનાની વિશેષ માહિતી અનુસાર નાકરાવાડીમાં રહેતી ત્રીસ વર્ષની અલ્પાબેન મહેશભાઇ પાડલીયા રવિવારે આરએમસી ડમ્પીંગ સાઇટ પર બીજી મહિલાઓ સાથે પ્લાસ્ટીક, કાચની બોટલો, પુઠા સહિતનો કચરો કચરાગાડી મારફત ઠાલવાતો હોઇ તે વીણવા માટે ગયા હતાં ત્યારે કચરા ગાડી ખાલી થતી હોઇ તેની નજીક ઉભા હોઇ તે વખતે કચરા સાથે આવેલુ એક પતરૂ અલ્પાબેનની કમરમાં લાગી જતાં ઇજા થઇ હતી. તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ઓર્થોપેડીક વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી.

પરંતુ અહિ સારવાર વખતે તે બેભાન થઇ જતાં ઇમર્જન્સી વોર્ડમાં રીફર કરવામાં આવી હતી. જો કે અહિ તેણીનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર અલ્પાબેનને સંતાનમાં બે દિકરા છે. જેમાં એક અગીયાર વર્ષનો અને બીજો સાત વર્ષનો છે. જે માતા વિહોણા થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આ ઘટનામાં કુવાડવા રોડ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતુ. સપરમા તહેવાર ટાણે જ બે માસુમ બાળકો મા વિહોણા થતાં કોળી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

### તાલાલાની રહસ્ય સર્જતી ઘટનાઃ રાજકોટ પોલીસના ચોપડે સળગાવી દીધાની નોંધઃ તાલાલા પોલીસની તપાસમાં બાળક ધમાલ નૃત્યની પ્રેકટીસ વખતે દાઝ્યાનું ખુલ્યું: હકિકત બહાર લાવવા તપાસ યથાવત

# દસ વર્ષનો બાળક અકસ્માતે દાઝ્યો કે સળગાવાયો?

રાજકોટ, તા. ૩૧

રાજકોટઃ ગીર સોમનાથ તાબેના તાલાલામાં એક ચકચાર જગાવતી ઘટના સામે આવી હતી. જેમાં નરસિંહ ટેકરી વિસ્તારમાં રહેતો દસ વર્ષનો સીદી બાદશાહ બાળક સાંજે ઘર નજીક રમવા ગયો ત્યારે ગંભીર રીતે દાઝી જતાં તાલાલા, જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં આ બાળકને તે પકડમપટ્ટી રમવા ગયો ત્યારે બીજા ત્રણ છોકરા સાથે માથાકુટ થતાં છોકરાઓએ પેટ્રોલ છાંટી સળગાવી દીધો છે. આથી રાજકોટ પોલીસે તાલાલા પોલીસને આ મુજબની નોંધ કરાવી હતી. જો કે તાલાલા પોલીસનો સંપર્ક કરતાં એવુ જણાવાયું હતું કે મોઢામાં પેટ્રોલ ભરી ધમાલ નૃત્યની પ્રેકટીસ કરતી વખતે આ બાળક દાઝી ગયો હતો. ખરેખર આ ઘટનામાં શું બન્યું તેની તપાસ પોલીસે યથાવત રાખી હતી.



વિશેષ માહિતી અનુસાર તાલાલા ગીરમાં નરસિંહ ટેકરી વિસ્તારમાં રહેતો મુજાહીદ બગસભાઇ સાયલી નામનો દસ વર્ષનો ટાબરીયો શનીવારે ઓગણત્રીસમીએ સાંજે સાતેક વાગ્યે ઘર પાસે રમતો હતો ત્યારે ગંભીર રીતે દાઝી જતાં તેની ચીસો સાંભળી બાળકના માતા હીનાબેન તેમજ બીજા લોકો દોડી ગયા હતાં. મુજાહીદને પ્રથમ તાલાલા હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જો કે હાલત વધુ ગંભીર હોઇ તેને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે.

મુજાહીદ બે ભાઇ અને બે બહેનમાં નાનો છે. તેના પિતા બગસભાઇ ચાર વર્ષથી અલગ રહે છે. જો કે ઘટનાની જાણ થતાં તે રાજકોટ પહોંચ્યા હતાં. મુજાહીદના માતાનું નામ હીનાબેન છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં મુજાહીદને તે શનીવારે સાંજે ઘર પાસે રમવતો હતો ત્યારે ત્રણ બાળકોએ પેટ્રોલ છાંટી સળગાવી દીધાનું કહેવાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ મુજબની નોંધ તાલાલા પોલીસ સ્ટેશનમાં કરાવી હતી. તાલાલા પોલીસે રાજકોટ પહોંચી તપાસ કરી હતી.

દરમિયાન તાલાલા પોલીસ સ્ટેશનનો આ ઘટના બારામાં સંપર્ક કરતાં જણાવાયું હતું કે આ બનાવમાં બાળકને સળગાવી દીધાની હકિકત સામે આવી નથી. પરંતુ બાળકો મોઢામાં પેટ્રોલ ભરી ધમાલ નૃત્યની પ્રેકટીસ કરતાં હતાં ત્યારે ભડકો થતાં તે દાઝી ગયો છે. આમ છતાં વિશેષ તપાસ યથાવત રાખવામાં આવી છે. આ બનાવે તાલાલ નરસિંહ ટેકરી વિસ્તારમાં ચકચાર જગાવી દીધી હતી. ખરેખર આ ઘટનામાં હકિકત શું છે? તેની તપાસ પોલીસે યથાવત રાખી હતી.

કે મોટાભાગની શરદી એક થી બે અઠવાડિયામાં જાતે જ દૂર થઈ જાય છે, અને બાળકો દવા વિના સામાન્ય રીતે સ્વસ્થ થઈ શકે છે. તેથી, હળવી શરદીથી ગભરાવાને બદલે, ડોક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે.

### ગામને છેતરનારા થાકતા જ નથીઃ વધુ બે ગઠીયાગીરીની ઘટનાઓ આવી સામે

# વેપારી બની ગઠીયાએ લગાવ્યો છ લાખનો ચૂનો

## બીજી ઘટનામાં પોલીસ રીન્યુઅલના નામે મહિલા પોલીસ અધિકારીના સાડા પાંચ લાખ ઉસેડી લેવાયા

રાજકોટ, તા. ૩૧

રાજકોટઃ છેતરપીંડીબાજો નીતનવા અને જુના પુરાણા તુક્કાઓનો ઉપયોગ કરી ફ્રોડ આચરી લેતાં હોય છે. આ પ્રકારના કિસ્સા રોજેરોજ બનતા રહે છે. વધુ એક વેપારી ગઠીયાનો શિકાર બન્યા હતાં. આ વખતે ગઠીયાએ ડીરેક્ટરીમાંથી વેપારીના નંબર મેળવી બીજા વેપારીનું ખોટુ નામ મેળવી છ લાખથી વધુની છેતરપીંડી કરી લીધી હતી. બીજી તરફ એક મહિલા પોલીસ ઇન્સ્પેકટર સાથે સાયબર ફ્રોડ થઇ ગયું હતું. પોલીસી રીન્યુઅલના નામે પીઆઇના સાડા સત્યાવીસ લાખ ગઠીયા ઉસેડી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો ઓનલાઇન બિઝનેસ ડિરેક્ટરી મારફતે વેપારીઓનો સંપર્ક કરી છેતરપિંડી આચરતી ટોળકી સક્રિય થઈ છે. જસ્ટ ડાયલમાંથી નંબર મેળવી ખોટી ઓળખ આપી નારોલના વેપારી પાસેથી રૂ. ૬.૧૬ લાખની કિંમતના બે ડીપ ફ્રીઝર અને એક વર્ટિકલ કૂલર મંગાવી લીધા બાદ બોગસ ચેક આપી ઠગાઈ કરવામાં આવી હતી. આ મામલે અમદાવાદ નારોલ પોલીસે




આરોપી વિરૂદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. મણિનગરની રામબાગ સોસાયટીમાં રહેતા અને નારોલમાં વ્યવસાય કરતા સુનીલકુમાર બ્રહ્મભટ્ટને ગત વર્ષે એક અજાણ્યા શખ્સે ફોન કર્યો હતો. તેણે પોતાની ઓળખ મનીષ પટેલ તરીકે આપીને પ્રોડક્ટ્સના બ્રોશર મંગાવ્યા હતા.

આ પછી આરોપીએ રૂ.૬.૧૬ લાખના ૨ નંગ ડીપ ફ્રીઝર અને ૧ નંગ વર્ટિકલ કૂલરનો ઓર્ડર આપ્યો હતો અને પેમેન્ટ ચેક મારફતે કરવાની વાત કરી હતી. જે માલની ડિલિવરી માટે નારણપુરા પ્રગતિનગર હાઉસિંગ, વરદાન ટાવર સામે પહોંચેલા ટેમ્પોમાંથી માલ સીધો જ આરોપીએ પોતાની અન્ય ટ્રકમાં શિટ કરાવી લીધો હતો. પેમેન્ટ પેટે આરોપીએ બેંકમાં ચેક જમા કરાવ્યાની સ્લિપ પણ વોટ્સએપ પર મોકલી હતી. જે બાદ થોડા દિવસો પછી જ્યારે વેપારીએ ચેક વટાવવા બેંકમાં નાખ્યો ત્યારે ચેક બાઉન્સ થયા હતા. જેથી આ બાબતે તેમણે મનીષ પટેલને વાત કરી તો તેણે થોડા દિવસમાં પૈસા આપવાની બાહેધરી આપી હતી. ત્યારપછી ઉઘરાણી દરમિયાન ગઠિયો બહાના કાઢતો રહ્યો હતો. અંતે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં સુનીલકુમારે હેતલ ભટ્ટી નામના શખ્સ સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

બીજી ઘટના જોઇએ તો અમદાવાદ શહેરમાં સાયબર ક્રાઇમના કિસ્સાઓ દિન-તિદિન ચિંતાજનક રીતે વધી રહ્યા છે, જ્યાં સાયબર ગઠિયાઓ સામાન્ય નાગરિકોની સાથે સાથે પોલીસ અધિકારીઓને પણ નિશાન બનાવી રહ્યા છે. અમદાવાદ ખાતે સિવિલ ડિફેન્સ હોમગાર્ડ કચેરીમાં ફરજ બજાવતા મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર કવિતા બ્રહ્મભટ્ટ સાથે ઇન્સ્યોરન્સ પોલિસીના નામે રૂપિયા ૫.૪૩ લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય એક ઘટનામાં બાપુનગરના યુવકને રોકાણ પર ચા નફા અને ત્મ્બની લાલચ આપી રૂપિયા૨૭.૫૬ લાખનો ચૂનો લગાડવામાં આવ્યો છે. બંને બનાવો અંગે અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચમાં ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

## સોશિયલ મિડીયા પર વધુ એક લેભાગુએ લલચાણી રીલ મુકી ફ્રોડ આચર્યુ

# વેપારી પરનો વિશ્વાસ ૨૫ લાખમાં પડ્યો!

### એલ્યુમિનિયમ સ્ક્રેપ ખરીદવા વેપારીએ રોકડા મોકલી દીધા પણ મળ્યું કંઇ જ નહિઃ સાયબર ક્રાઇમ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી

રાજકોટ, તા.૩૧

રાજકોટઃ અલગ અલગ રીતે લોકોને છેતરી લેવાના ખેલ ચાલુ જ રહે છે. રોજબરોજ કોઇને કોઇ લોકો કોઇને કોઇ રીતે છેતરાઇ જતાં હોય છે. વધુ એક ઠગાઇના કિસ્સામાં વેપારીને એલ્યુમિનીયમ સ્ક્રેપ આપવાના નામે પોણા પચ્ચીસ લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. દિલ્હીના ઠગ વિરૂધ્ધ વેપારીએ એફઆઇઆર દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ છે. આ ઠગાઇ ઓનલાઇન થઇ હોઇ સાયબર ક્રાઇમ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. વેપારીને વિશ્વાસમાં લઇ ગઠીયાએ નાણા તો ટ્રાન્સફર કરાવી લીધા હતાં પરંતુ બાદમાં સ્ક્રેપ મોકલ્યો નહોતો અને નાણા પણ પાછા આપ્યા નહોતાં. ઇન્સ્ટાગ્રામ પર જાહેરાત વાંચીને વેપારીએ સંપર્ક કર્યો હતો અને નાણા ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો જામનગરમાં આ ઠગાઇ થઇ છે. એલ્યુમિનિયમ સ્ક્રેપ વેચવાના બહાને સત્યાવીસ વર્ષીય વેપારી સાથે ૨૪,૭૮,૫૧૪ રૂપિયાની છેતરપિંડી થતાં તપાસ શરૂ થઇ છે. દિલ્હીના પંકજભાઈ ત્યાગી અને ત્રીદેવ રીસાયકલીંગના ટોની બજાજે વેપારી હર્ષભાઈ વેકરીયાને વિશ્વાસમાં લઈ બેંક મારફતે રકમ ટ્રાન્સફર કરાવી, પરંતુ સ્ક્રેપ કે નાણાં પરત ન આપ્યા. સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર જામનગરના એલ્યુમિનિયમ વેપારીને એલ્યુમિનિયમ સ્ક્રેપ વેચવાના બહાને વિશ્વાસમાં લઈ રૂ.૨૪,૭૮,૫૧૪ની રકમ બેંક મારફતે ટ્રાન્સફર કરાવી લીધા બાદ સ્ક્રેપ કે નાણાં પરત નહીં આપી છેતરપિંડી કર્યાની ફરિયાદ જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટશનમાં દાખલ કરાવવામાં આવી હતી.

આ બનાવમાં દિલ્હીના પંકજભાઈ ત્યાગી તથા ત્રીદેવ રીસાયકલીંગ પેઢીના માલિક ટોની બજાજ સામે ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તપાસના ચક્કો ગતિમાન કર્યા હતાં. વિશેષ માહિતી અનુસાર જામનગરમાં ઓસિયનીક એલ્યુમિનિયમ ઇન્ડસ્ટ્રી નામની પેઢી ચલાવતા હર્ષભાઈ પરેશભાઈ વેકરીયા નામના સત્યાવીસ વર્ષન યુવા વેપારીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ એલ્યુમિનિયમ ઉત્પાદન સાથે સંકળાયેલા હોવાથી કાચો માલ ખરીદવા માટે અલગ-અલગ દલાલો તથા ઓનલાઈન માધ્યમથી વેપારીઓનો સંપર્ક કરતા હતા. દરમિયાન ગુરુગ્રામ, હરિયાણા ખાતેની ત્રીદેવ રીસાયકલીંગ નામની પેઢીની ઈન્સ્ટાગ્રામ પરની જાહેરાત જોવા મળતાં પંકજભાઈ ત્યાગી નામના વ્યક્તિનો સંપર્ક થયો હતો.

તેની સાથે વાત કરતાં પંકજભાઈએ પોતે એલ્યુમિનિયમ સ્ક્રેપની દલાલી




કરતા હોવાનું જણાવી પેઢીના માલિક ટોની બજાજનો મોબાઈલ નંબર આપ્યો હતો. ટોની બજાજ સાથે વાતચીત અને ભાવતાલ બાદ આશરે સાત ટન પંચોતેર કિલો એલ્યુમિનિયમ સ્ક્રેપ ખરીદવાનું નક્કી થયું હતું. આરોપીઓએ વિશ્વાસ કેળવવા માટે એક ટ્રકમાં એલ્યુમિનિયમ સ્ક્રેપ ભરેલો હોવાનું જણાવી વે-બ્રિજની રસીદ, બિલ, ટ્રકમાં ભરેલા સ્ક્રેપના ફોટા-વિડિયો તથા ટ્રક નંબર સહિતની વિગતો મોકલી હતી. આથી ફરિયાદીને વિશ્વાસ બેસતાં કુલ રૂ.૨૫,૭૦,૦૦૦ની રકમમાંથી બે ટકા ટીડીએસ બાદ ચુકવણી કરવાની વાત થઈ હતી.

આરોપીઓએ ફેડરલ બેંકના ખાતાનો રદ કરેલા ચેકનો ફોટો મોકલ્યો હતો. ત્યારબાદ દસ લાખ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરાવ્યા હતા. બીજા દિવસે બાકીના રૂ.૧૪,૭૮,૫૧૪ જમા કરાવવા જણાવાતાં ફરિયાદીએ આ રકમ પણ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરી હતી. રકમ મળી ગયા બાદ માલ મોકલવામાં વિલંબ થવા લાગ્યો હતો. ફરિયાદીએ ટ્રક ક્યાં પહોંચ્યો તે જાણવા આરોપીઓનો સંપર્ક કરતાં ટોની બજાજે એક-બે દિવસમાં માલ મોકલી આપવાની અથવા માલ નહીં મોકલે તો નાણાં પરત આપવાની ખાતરી આપી હતી. પણ ત્યારબાદ આજદિન સુધી એલ્યુમિનિયમ સ્ક્રેપ પણ આપવામાં આવ્યો ન હતો અને રૂ.૨૪,૭૮,૫૧૪ પરત પણ કરવામાં આવ્યા ન હતા.

આ રીતે વેપારીએ ઇન્સ્ટાગ્રામમાં જાહેરાત જોઇ સ્ક્રેપ ખરીદવા સંપર્ક કરી આંધળો વિશ્વાસ કરી લાખો રૂપિયા અજાણ્યાને આપી દીધા બાદ પોતાની સાથે ઠગાઇ થયાની ખબર પડી હતી. આ સાયબર છેતરપિંડી થયાનું જણાતાં અગાઉ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. વ્યવસાયને નુકસાન થવાની ભીતિથી તે સમયે પોલીસમાં એફઆઈઆર નોંધાવી ન હતી. બાદમાં પરિવારના સગાએ હિંમત આપતાં આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ રીતે ઓનલાઇન અનેક ગઠીયાઓ અલગ અલગ વેપારીઓના સ્વાંગ રચીને કે કંપનીના સંચાલકની ઓળખ આપીને અથવા તો શેર બજારમાં માસ્ટર માઇન્ડ હોવાનું કહીને રોકાણના નામે પણ લોકોને છેતરતા રહે છે.

---

#### પાંચ ચોરાઉ મોબાઇલ સાથે સગીર સહિત ત્રણને આજીડેમ પોલીસે દબોચ્યા

## ટુવ્હીલર પર નીકળ્યા હોવાની બાતમીને આધારે આંતરી લેવાયા

રાજકોટ તા. ૩૧

રાજકોટઃ અવાર-નવાર ચોરી ચપાટીના બની રહેલા બનાવો વચ્ચે આજીડેમ પોલીસે પાંચ ચોરાઉ મોબાઇલ ફોન સાથે એક સગીર સહિત ત્રણને પકડ્યા હતાં. આ ત્રણેય પાસેથી એક વાહન પણ ડીટેઇન કરાયું હતું. કબ્જે થયેલા ફોનની કિંમત ૮૬૫૦૦ જેવી થાય છે. વિગતો જોઇએ તો ચોરીના ગુના બનતા અટકાવવા આજીડેમ પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ રવિભાઇ ડી. વાંક, હેડકોન્સ. સંજયભાઇ મિયાત્રા, કોન્સ. મહેશભાઇ કોઠીવાળને બાતમી મળતાં ત્રણને શુભ ચોકડી નજીક બીલીપત્ર પાર્ટી પ્લોટ પાસેથી સકંજામાં લીધા હતાં.



જીજે૦૩પીક્યુ-૯૭૨૩માં બેસીની આ ત્રણેય નીકળ્યા હતાં. જેમાં એક સગીર વયનો હતો. આ ત્રણેય પાસે અલગ અલગ કંપનીના પાંચ મોબાઇલ ફોન મળી આવ્યા હતાં. પુછતાછમાં પોતાના ના મિલન દિનેશભાઇ બાલસ (રહે. વેલનાથપરા મફતીયા પરા રણુજા મંદિર પાસે) તથા ગોપાલ રમેશભાઇ માલકીયા (રહે. ઋષીપ્રસાદ સોસાયટી, વેલનાથપરા લાપાસરી રોડ) જણાવ્યા હતાં. પુછતાછમાં મોબાઇલ ફોન બાબતે તેણે ગોળગોળ વાતો કરી હતી. આકરી પુછતાછ થતાં ફોન ચોરાઉ હોવાનું ખુલ્યું હતું. પોલીસે ઓપ્પો, પોકો, સેમસંગ, રેડમી, ઓટોરોલા કંપનીના ૮૬૫૦૦ના ફોન કબ્જે કર્યા છે અને વધુ પુછતાછ યથાવત રાખી હતી.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી હેતલ પટેલ, એસીપી વી. બી. જાડેજાની સુચના અંતર્ગત પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ વી. જી. ડોડીયા, એએસઆઇ રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ ચીરોડીયા, હરપાલસિંહ જાડેજા, ગોપાલભાઇ બોળીયા, દેવાંગભાઇ પાલા, ભરતભાઇ જોગીયા, સંજયભાઇ મિયાત્રા, હિતેષભાઇ અગ્રાવત, કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા, મહેશભાઇ કોઠીવાળ, પ્રદિપસિંહ ગોહિલ, હરપાલસિંહ જાડેજા, મનિષભાઇ શિરોડીયા, કુલદીપસિંહ જાડેજા, વિશ્વરાજસિંહ પરમાર, પ્રતિકભાઇ બોરસદીયાએ આ કામગીરી કરી હતી.

---

# લોકમેળામાં પોલીસનો ૧૭૦૦નો કાફલો રાખશે બાજનજર

### સો સીસીટીવી કેમેરા, ડ્રોનનો પણ ઉપયોગઃ છેડતી કરનારા, ખિસ્સા કાતરૂઓને શોધવા સાદા ડ્રેસમાં ખાસ સ્ક્વોડ ફરજ બજાવશેઃ શી ટીમોને પણ મહત્વની જવાબદારી સોંપાઇઃ ચાર ડીસીપી , ચાર એસીપી, ચૌદ પીઆઇ અને તેમની ટીમો રહેશે તૈનાત

રાજકોટ, તા.૩૧

રાજકોટઃ આવતીકાલ બુધવારથી રાજકોટ સહિત દેશભરમાં સુવિખ્યાત એવા લોકમેળાનો આરંભ થશે. જન્માષ્ટમીના આ મેળાને આ વખતે 'વિરાસતની વિકાસ લોકમેળો' એવુ નામ અપાયુ છે. કલેક્ટર તંત્ર દ્વારા સંચાલીત આ લોકમેળામાં લોકો શાંતિથી ફરી શકે અને આનંદ માણી શકે તેમજ ગુનેગારો આમાં ઘુસી ગિરદીનો ગેરલાભ ન લઇ જાય એ માટે પોલીસ ચાંપતો બંદોબસ્ત ગોઠવશે. પોલીસ કમિશનર, જોઇન્ટ પોલીસ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ ડીસીપી, એસીપીની દેખરેખ હેઠળ ૧૭૦૦થી વધુ સુરક્ષા કર્મચારીઓ મેળાની સુરક્ષાની જવાબદારી નિભાવશે.

વિગતો જોઇએ તો લોકમેળાની સુરક્ષા માટે પોલીસ જવાનોની સાથે સાથે ડીજીટલ સુરક્ષા પણ મહત્વનો ભાગ ભજવશે. જેમાં૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાનો પણ ઉપયોગ કરવામાં આવશે. આ વખતે પહેલી જ વખત પોલીસ સોલ્ડર બિકનનો ઉપયોગ કરશે. આ એવુ ડીવાઇસ છે જે પોલીસ કર્મચારીના ખભે રહેશે અને તેમાં સતત લાઇટ ઝગમગ થતી રહેશે. જેથી ગુનેગારને દૂરથી જ પોલીસની હાજરીનો અહેસાસ થશે. લોકમેળામાં ગિરદીની લાભ ઉઠાવવા ખીસ્સા કાતરૂઓ, આંગળીના ઇલમીઓ ઘુસી ન જાય તે માટે પોલીસ ખાસ બંદોબસ્ત જાળવશે. પર્સ, મોબાઇલની ચોરી ન થાય તે માટે સમગ્ર મેળામાં ખાસ સ્ક્વોડ ખાનગી ડ્રેસમાં ઘુમતી રહેશે અને આવી પ્રવૃતિ અટકાવશે. આ ઉપરાંત છેડતીના કિસ્સાઓ ન બને તે માટે પણ એન્ટી રોમીયો સ્ક્વોડ ખાસ દેખરેખ રાખશે.

જેમાં મહિલા પોલીસ અધિકારી, કર્મચારીઓ ખાનગી ડ્રેસમાં પેટ્રોલીંગ કરી છેડતીબાજોને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરશે. એન્ટી રોમીયો સ્ક્વોડ અને એન્ટી પીક પોકેટીંગ સ્ક્વોડને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. આવી પ્રવૃતિ અટકાવવા બંદોબસ્તના ફિક્સ પોઇન્ટ ગોઠડવવામાં આવશે. આ ઉપરાંત મેળામાં પેટ્રોલીંગ કરી રહેલા પોલીસ સ્ટાફને સોલ્ડર પર લગાડવા માટે ખાસ ડિવાઇસ શોલ્ડર બિકન આપવામાં આવશે. આ ડિવાઇસમાં લાઇટ સતત લબક ઝબક થતી રહેશે. જેથી મેળામાં જે પોલીસ કર્મચારીઓએ આ ડિવાઇસ સોલ્ડર પર લગાડેલુ હશે તે જે તે ગુનેગાર જો મેળામાં ઘુસ્યા હશે તો તેને દુરથી જ દેખાશે અને પોલીસ સતત હાજર છે તેવો અહેસાસ થશે. આ રીતે તેનો ગુનાહિત પ્રવૃતિ આચરવાથી દુર રહશે. પોલીસ કમિશનર બ્રજેશુકમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિકના માર્ગદર્શન હેઠળ ચાર ડીસીપી, ચાર એસીપી, ૧૪ પીઆઇ, ૫૪ પીએસઆઇ સહિત ૧૬૭૬ પોલીસ જવાનોનો કાફલો તેમજ હોમગાર્ડ ટીઆરબીનો સ્ટાફ પણ મેળા બંદોબસ્તમાં ખાસ ફરજ બજાવશે. આ સ્ટાફ મેદાન બહાર વાહન વ્યવહાર, પાર્કિંગ સ્થળો સહિતના સ્થળે ફરજ બજાવશે.

વધુ માહિતી અનુસાર એસઓજીની બે ટીમો અધ્યાધુનિક ડ્રોન કેમેરાની મદદથી આકાશથી જમીન તરફ નજર રાખશે. તેમજ મેળામાં ઉભા કરાયેલા કન્ટ્રોલ રૂમથી સમગ્ર ટાવરના ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરાઓ પર સતત નિષ્ણાંતો નજર રાખી મોનીટરીંગ કરશે. આ તમામ કેમેરા હાઇડફીનેશન છે. કોઇપણ અણધારી ઘટના કે ઇમર્જન્સી આવી પડે તો તે વખતે આ ટેકનોલોજી ખુબ ઉપયોગી બનશે. મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે શહેર પોલીસની શી ટીમ ખાસ જવાબદારી નિભાવશે. આ મહિલા પોલીસ કર્મચારીઓ સાદા ડ્રેસમાં લોકોની વચ્ચે પેટ્રોલીંગ કરશે અને છેડતીબાજોને શોધી કાઢી પાઠ ભણાવશે. બાળકો ઉપર પણ નજર રાખશે અને તેમની સુરક્ષાનું ધ્યાન રાખશે. મેળાના પ્રવેશદ્વારો પર પણ મેટલ ડિટેક્ટરથી ચેકીંગ કરવામાં આવશે.

લોકોને ખોટી અફવાથી દુર રહેવા અને કોઇપણ શંકાસ્પદ ચીજવસ્તુ કે વ્યક્તિ દેખાય તો તુરંત પોલીસનું ધ્યાન દોરવા અનુરોધ કરાયો છે. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા અગાઉથી મેળા ફરતે વાહનોની અવર-જવર અને નો-પાર્કિંગનું જાહેરનામુ બહાર પડાયું હોઇ તેનો સૌએ અમલ કરવા પણ જણાવાયું છે. તેમજ ૧૪ સ્થળે ફ્રી પાર્કિંગની વ્યવસ્થા છે ત્યાં જ વાહનો પાર્ક કરવા પણ જણાવાયું છે. ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ, ડીસીપી રાકેશ દેસાઇ, ડીસીપી ડો. હરપાલસિંહ જાડેજાની રાહબરીમાં તમામ એસીપીના માર્ગદર્શન હેઠળ તમામ પીઆઇ, પીએસઆઇ અને તેમની ટીમો લોકમેળાનો બંદોબસ્ત જાળવશે. તેમ જણાવાયું હતું.

---

## નોકરી દરમિયાન ગાળાગાળી ગેરવર્તુણક કરતો હોઇ કાઢી મુકાતાં બદલો લીધો

# બારોબાર દસ વાહનો સેરવી સસ્તામાં વેંચી માર્યા

### સ્ટોક ગણતરી વખતે ભાંડો ફુટ્યોઃ પોલીસે પુર્વ ગોડાઉન મેનેજરને દબોચી લઇ તેણે રાજકોટ સહિતના શહેરોમાં વેંચી મારેલા વાહનો કબ્જે કર્યા

રાજકોટઃ અમુક શખ્સો એવા હોય છે જે પોતાની સાથે થયેલા વ્યવહારને કારણે રોષે ભરાઇને બદલો લેવાની ભાવના સાથે ગુનાખોરીને અંજામ આપી દે છે. આવી જ એક ઘટના ઉજાગર થઇ હતી. જેમાં એક શો રૂમમાં નોકરી કરતાં શખ્સને તે કામ બરાબર કરતો ન હોઇ તેને ગોડાઉન મેનેજરની પોસ્ટમાંથી છુટો કરી દેવામાં આવતાં તેણે આ બાબતને મનમાં રાખી બદલો લેવાના ઇરાદે બારોબાર એક બાઇક અને નવ એક્ટીવા સગેવગે કરી દીધા હતાં. આ વાહનો તેણે રાજકોટ, ભાવનગર તરફ સસ્તામાં વેંચી માર્યા હોઇ પોલીસે કબ્જે કરવા તજવીજ કરી હતી.

વિગતો ૫ રનરજ કરીએ તો સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા જાણીતા હોન્ડાના અમીદીપ શો-રૂમમાં વિશ્વાસઘાત અને વાહન ચોરીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. શો-રૂમના ગોડાઉન મેનેજરને ગેરવર્તણૂક બદલ નોકરીમાંથી છૂટો કરવામાં આવતાં તેણે અગાઉથી તબક્કાવાર રીતે બારોબાર સગેવગે કરી દીધેલાં નવા નવ એક્ટિવા અને એક શાઈન બાઈક મળી ૭.૨૩ લાખના કુલ દસ નવા વાહનોનો ભાંડો ફૂટ્યો હતો. સરથાણા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી આરોપીની ધરપકડ કરી સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી તમામ વાહનો રિકવર કરી લીધાં હતાં.

વિશેષ માહિતી જોઇએ તો મોટા વરાછા ખાતે આવેલી યમુનાદર્શન સોસાયટીમાં રહેતા અને છેલ્લા દસ વર્ષથી સરથાણા સ્થિત અમીદીપ હોન્ડા શો-રૂમમાં મેનેજમેન્ટ સંભાળતા ૪૨ વર્ષીય મયુર ગોરધનભાઈ ખુંટે નોંધાવેલી ફરિયાદ મુજબ, શો-રૂમનું ગોડાઉન બાપા સીતારામ ચોક પાસે આવેલા રોયલ પ્લાઝાના બેઝમેન્ટમાં આવેલું છે. અહીં ગોડાઉન મેનેજર તરીકે દિપુલ ધીરૂભાઈ માણીયા નોકરી કરતો હતો. દિપુલે ગોડાઉન પર સ્ટાફ સાથે ગાળાગાળી અને ઝઘડો કરતાં મેનેજમેન્ટે તેને તાત્કાલિક નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. બીજા દિવસ મેનેજમેન્ટે ગોડાઉનમાં



રહેલા વાહનોના સ્ટોકની ગણતરી હાથ ધરતાં ૯ એક્ટિવા અને ૧ શાઈન બાઈક મળી ૭.૨૩ લાખની લોન કુલ ૧૦ નવી નક્કોર ગાડીઓ સ્ટોકમાંથી ગાયબ હોવાનું સામે આવ્યું હતું.

આ અંગે દિપુલને ફોન કરી પૂછતાં તેણે ત્રણ દિવસમાં બધી ગાડીઓ હાજર કરી દઈશ તેવો ગોળગોળ જવાબ આપી ફોન સ્વિચ ઓફ કરી દીધો હતો. શો-રૂમના રેકોર્ડની ડાણપૂર્વક તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે આ દસેય વાહનો અત્યાર સુધીમાં તબક્કાવાર ગોડાઉનમાં આવ્યા હતા, પરંતુ તેનું કોઈ સત્તાવાર વેચાણ કે આરટીઓ પાસિંગ થયું ન હતું. કોઈપણ -કારના દસ્તાવેજો વગર આ વાહનો બારોબાર નીકળી ગયા હોવાથી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં તેનો ઉપયોગ થવાની ભીતિ સેવાઈ રહી હતી. જેથી મેનેજમેન્ટે તાત્કાલિક સરથાણા પોલીસ ઇન્સ્પેક્ટર ડી. કે. પટેલનો સંપર્ક સાધી સમગ્ર હકીકત જણાવી હતી.

ત્યારબાદ આ મામલાની ગંભીરતા સમજી પીઆઈ ડી. કે. પટેલે તુરંત ટીમ રવાના કરી આરોપી દિપુલ માણીયાને ઝડપી પાડ્યો હતો. કડક પૂછપરછમાં દિપુલે કબૂલાત કરી હતી કે તેણે પોતાના અંગત આર્થિક ફાયદા માટે આ તમામ નવાં વાહનો પરિચિતોને માત્ર પચાસથી સાંઇઠ હજારની કિંમતે બારોબાર વેચી માર્યાં હતાં. આરોપીએ કેટલાંક વાહનો સુરતમાં તો મોટાભાગનાં વાહનો સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં વેચ્યા હોવાનું કબૂલતાં સરથાણા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી રાજકોટ, અમરેલી અને ભાવનગર ખાતે દરોડા પાડ્યા હતા અને ગણતરીના દિવસોમાં બારોબાર વેચાયેલાં તમામ દસ વાહનો મૂળ સ્થિતિમાં જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ રીતે સસ્તા વાહનો ખરીદવા જતાં ખરીદનારાઓને નાણા ગુમાવવાનો અને વાહન ગુમાવવાનો વખત આવ્યો હતો. કોઈપણ લોકો આવા નવા વાહનો સાવ સસ્તામાં વેંચતા હોય તો નક્કી તેમાં કંઇક ગોલમાલ હોય તે ધ્યાને રાખવું જરૂરી છે.

## રાજકોટના માર્ગો 'રક્તરંજિત'

# ૩ વર્ષમાં ૨,૨૮૮ અકસ્માત, ૧,૦૬૧ મોત

### ગ્રામ્યમાં અકસ્માત ઓછા, પણ મૃત્યુદર ભયાનક! : વર્ષ ૨૦૨૫માં ગ્રામ્યમાં અકસ્માતો વધીને ૩૪૪ જેમાં ૧૯૦ મોત

રાજકોટ, તા. ૩૧

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો હવે વાહનચાલકો માટે સુરક્ષિત મુસાફરીના બદલે કાળમુખા સાબિત થઈ રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષના (૨૦૨૩ થી ૨૦૨૫) સરકારી આંકડાઓ પર નજર કરીએ તો એક અત્યંત ભયાનક અને ચોંકાવનારી વાસ્તવિકતા સામે આવે છે. આ ટૂંકા ગાળામાં સમગ્ર રાજકોટ જિલ્લામાં કુલ ૨,૨૮૮ ગંભીર માર્ગ અકસ્માતો સર્જાયા છે, જેમાં ૧,૦૬૧ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને ૧,૪૨૮થી વધુ લોકો ગંભીર રીતે ઘવાઈને આજીવન દિવ્યાંગતા કે પથારીવશ થવા મજબૂર બન્યા છે. એટલે કે, રાજકોટમાં દરરોજ સરેરાશ ૨થી વધુ અકસ્માત નોંધાઈ રહ્યા છે અને રોજ એક વ્યક્તિ રસ્તા પર પોતાનો જીવ ગુમાવી રહી છે!




વિશેષ વિશ્લેષણ કરવામાં આવે તો, રાજકોટ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ વધુ જાનલેવા સાબિત થઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ વર્ષમાં ૯૪૪ અકસ્માત સામે મૃત્યુનો આંકડો ૫૬૪ પર પહોંચ્યો છે, જે દર્શાવે છે કે હાઈવે પર થતા અકસ્માતોમાં બચવાની શક્યતા નહિવત રહે છે. બીજી તરફ, રાજકોટ શહેરમાં ટ્રાફિક, સ્પીડબ્રેકર અને સીસીટીવી કેમેરા હોવા છતાં સ્થિતિ જરાય સુધરી નથી. શહેરમાં ૩ વર્ષમાં ૧,૩૪૪ અકસ્માતો નોંધાયા છે, જેમાં ૪૯૭ લોકોના મોત થયા છે અને ૮૧૯ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ચિંતાજનક બાબત એ છે કે શહેરમાં વર્ષ ૨૦૨૫માં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થનારાઓની સંખ્યા વધીને ૨૮૮ થઈ ગઈ છે.

આ આંકડા માત્ર સત્તાવાર કાગળ પર લખાયેલી સંખ્યાઓ નથી, પરંતુ ૧,૦૬૧ વિખરાયેલા પરિવારોની દર્દનાક કહાની છે. હાઈવે પર ઓવરસ્પીડિંગ, શહેરમાં રોંગ સાઈડ ડ્રાઈવિંગ, હેલ્મેટ અને સીટીબેલ્ટ પ્રત્યેની બેદરકારી તથા પોલીસનું ઢીલું શાસન આ લોહીયાળ અકસ્માતો માટે મુખ્ય જવાબદાર છે. જો તંત્ર દ્વારા આંકડા દર્શાવવા સિવાય કડક કાર્યવાહી કરવામાં નહીં આવે અને વાહનચાલકો શિસ્ત નહીં કેળવે, તો રાજકોટના માર્ગો આગામી સમયમાં વધુ રક્તરંજિત બનશે.

રાજકોટ જિલ્લામાં માર્ગ અકસ્માતોની સ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. રાજકોટ આસિસ્ટન્ટ આરટીઓ અધિકારી આર. એમ. રાવલીયાના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન જિલ્લામાં કુલ ૧,૦૬૧ ફેટલ એક્સિડન્ટ નોંધાયા છે. જેમાં રાજકોટ સીપી ઓફિસના કાર્યક્ષેત્ર હેઠળના શહેરી વિસ્તારમાં ૪૯૭ વાહનચાલકોના અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૫૬૪ જીવલેણ અકસ્માતો સર્જાયા છે. આ ચિંતાજનક આંકડાઓને ધ્યાનમાં રાખીને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે રાજકોટ આરટીઓ ઓફિસ દ્વારા ખાસ 'ટીમ વાન' કાર્યરત કરવામાં આવી છે. આ વાન વિવિધ સ્કૂલો અને કોલેજોની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને રોડ સેફ્ટી અંગે વિશેષ સમજણ આપે છે. આ અભિયાન હેઠળ આરટીઓ અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને ફેટલ એક્સિડન્ટ થવાના મુખ્ય કારણો અને અકસ્માતોથી કઈ રીતે બચી શકાય તે માટેનું સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

### મોરબી રોડ પર ૩ કરોડની સરકારી જમીન દબાણમુક્ત

# કલેક્ટર તંત્રનું બુલડોઝર એક્શન



રાજકોટ, તા. ૩૧

રાજકોટ જિલ્લા કલેક્ટરના કડક આદેશ બાદ તંત્ર દ્વારા સરકારી જમીનો પરના ગેરકાયદેસર કબ્જા હટાવવાની ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવી છે. જેના ભાગરૂપે આજે રાજકોટ તાલુકા મામલતદાર મકવાણાના સીધા માર્ગદર્શન હેઠળ મામલતદાર ટીમે મોરબી રોડ પર દરોડો પાડી કરોડો રૂપિયાની સરકારી મિલકત ખાલી કરાવી હતી. મામલતદાર મકવાણા પાસેથી મળતી માહિતી મુજબ, મોરબી રોડ પર આવેલ હડાળા ગામની સીમમાં જે.એસ.ડી. ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં આવેલા સર્વે નંબર ૨૮૧ પૈકીની સરકારી ખરાબાની જમીન પર ભૂમાફિયાઓ કે તત્વો દ્વારા કબ્જો જમાવી લેવામાં આવ્યો હતો. લગભગ ૩ એકર જેટલી કિંમતી સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે ગૌશાળા અને કાચુ બાંધકામ ઉભું કરી દેવાયું હતું.

મામલતદારની ટીમે ઘટનાસ્થળે પહોંચીને કડક વલણ અપનાવ્યું હતું અને ગેરકાયદેસર ઉભા કરાયેલા તમામ કાચા બાંધકામો તેમજ ગૌશાળાના ઢાંચા પર બુલડોઝર ફેરવી દીધું હતું. તંત્રની આ સપાટાબંધ કામગીરીને પગલે અંદાજીત રૂપિયા ૩ કરોડની બજાર કિંમત ધરાવતી સરકારી જમીન કબ્જામુક્ત કરાવવામાં સફળતા મળી છે. સરકારી જમીનો પર દબાણ કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે તેવો સ્પષ્ટ સંકેત તંત્ર દ્વારા આપવામાં આવ્યો છે.

રાજકોટ શહેર અને જિલ્લામાં સરકારી જમીનો, ખરાબાઓ અને ટી.પી. રોડ પરથી ગેરકાયદેસર કબ્જાઓ હટાવવા માટે કલેક્ટર તંત્ર તથા સ્થાનિક વહીવટી તંત્રે અભૂતપૂર્વ અને આક્રમક ઝુંબેશ હાથ ધરી છે. કલેક્ટરના કડક સૂચનો અને મામલતદાર ટીમોની સીધી દેખરેખ હેઠળ જિલ્લાભરમાં બુલડોઝર ફેરવીને કરોડો રૂપિયાની સરકારી મિલકતો ખુલ્લી કરાવવામાં આવી રહી છે. મોરબી રોડ પર હડાળા સ્થિત આવેલી સર્વે નંબર ૨૮૧ પૈકીની ૩ એકર સરકારી જમીન પર ખડકી દેવાયેલી ગેરકાયદે ગૌશાળા અને કાચા બાંધકામો પર મામલતદાર મકવાણા અને તેમની ટીમ દ્વારા સપાટો બોલાવીને રૂ. ૩ કરોડની જમીન દબાણમુક્ત કરાવાઈ હતી.

આ સાથે જંગલેશ્વર અને આજી નદીના પટ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ઐતિહાસિક મેગા ડિમોલિશન દરમિયાન ૧,૪૮૯ જેટલા ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત કરીને અંદાજે ₹૩૫૦ કરોડથી વધુની કિંમત ધરાવતી ૮૭,૦૦૦ ચોરસ મીટર જમીન કબ્જામુક્ત કરવામાં આવી હતી. સાથોસાથ આ ડિમોલિશનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વહીવટી અને નાણાકીય સમીક્ષા પણ કરવામાં આવી રહી છે. ભવિષ્યમાં આ ખાલી કરાવાયેલી કિંમતી જમીનો પર ફરીથી ભૂમાફિયાઓ કે તત્વો દ્વારા નવેસરથી દબાણ ન થાય તે માટે કલેક્ટર તંત્ર દ્વારા મામલતદાર અને સર્કલ ઓફિસર સ્તરે ચુસ્ત નાઈટ પેટ્રોલીંગ અને મોનિટરિંગ રાખવાની કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# આફ્રિકા જતાં સૌરાષ્ટ્રના વેપારીઓ માટે હેરાનગતિ

### 'યલો ફીવર' રસીના અભાવે બિઝનેસ-વિઝા અટવાયા

રાજકોટ, તા.૩૧

કેન્દ્ર સરકારના સપ્લાય નેટવર્કની લાપરવાહી અને હિમાચલ પ્રદેશની ફાર્મા કંપનીના ડામાડોળ પુરવઠાને કારણે છેલ્લા બે મહિનાથી યલો ફીવર રસીની ભારે અછત સર્જાઈ છે. આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના દેશોમાં પ્રવાસ કરવા માટે મુસાફરીના ઓછામાં ઓછા ૧૦ દિવસ પહેલાં આ રસી લેવી કાયદાકીય રીતે ફરજિયાત છે. જોકે, રસીના અભાવે સૌરાષ્ટ્રના સેંકડો વેપારીઓ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ માટે આંતરરાષ્ટ્રીય સફર હવે મુશ્કેલીનો પહાડ બની ગઈ છે.




રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સોના-હીરા, એન્જિનિયરિંગ સાધનો અને કાચા માલના વેપાર અર્થે દર મહિને અનેક લોકો આફ્રિકન દેશોની મુસાફરી કરે છે. સ્થાનિક કક્ષાએ રસી ઉપલબ્ધ ન હોવાથી અરજદારોએ અમદાવાદ જવા-આવવાનો વધારાનો પ્રવાસ ખર્ચ અને સમય બગાડવો પડે છે. અમદાવાદમાં પણ ઓનલાઇન સ્લોટ મેળવવાની પ્રક્રિયા એટલી જટિલ છે કે સમયસર રસી ન મળતા ફ્લાઇટ ટિકિટ અને વિઝા પ્રોસેસિંગ લટકી પડ્યા છે. ઈમિગ્રેશન નિયમો અનુસાર, આ રસી લીધાનું સર્ટિફિકેટ ન હોય તો એરલાઈન્સ ટિકિટ કન્ફર્મ કરતી નથી અને જો કોઈ રીતે મુસાફરી કરવામાં આવે તો આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ૭ દિવસ માટે ક્વારેન્ટાઇન સેન્ટરમાં વિતાવવા પડે છે. જોકે આ રસીની માન્યતા ૧૦ વર્ષની હોય છે, તેથી જૂના પ્રવાસીઓને રાહત છે; પરંતુ પ્રથમ વખત જતાં અથવા તો મુદત પૂરી થયેલા પ્રવાસીઓ સંપૂર્ણપણે અટવાઈ ગયા છે.

રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય (ઙઉઞ) સિવિલ હોસ્પિટલે બે મહિના પહેલાં જ રાજ્યના આરોગ્ય વિભાગ પાસે જથ્થાની માંગણી કરી હતી. સ્થાનિક સત્તાધીશોના જણાવ્યા મુજબ, સેન્ટ્રલ ગવર્મેન્ટના સપ્લાય ચેઈનમાં જ ભંગાણ પડતાં આ ખેંચ ઊભી થઈ છે. સૌરાષ્ટ્રના પ્રવાસીઓએ આ સ્થિતિ સામે ભારે રોષ વ્યક્ત કરીને માગ કરી છે કે, રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ ત્વરિત હસ્તક્ષેપ કરે અને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે જ યલો ફીવરની રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવે, જેથી પ્રવાસીઓને આર્થિક અને માનસિક ત્રાસમાંથી મુક્તિ મળે.

આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર રસી ન હોય તો સાત દિવસ ક્વારેન્ટાઇન થવું પડે છે, જે વ્યવસાયિક રીતે કોઈને પરવડે તેમ નથી. રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલે બે માસ પૂર્વે માંગ કરી હોવા છતાં કેન્દ્રીય પુરવઠો ન આવતા પરિસ્થિતિ વધુ વણસી છે.સ્થાનિક વેપારીઓ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓએ એકસૂરે માગ કરી છે કે, રાજ્ય સરકાર તાત્કાલિક ધોરણે રાજકોટ સિવિલ હોસ્પિટલને જ આ રસીનું કાયમી કેન્દ્ર બનાવે, જેથી પ્રવાસીઓને અન્ય શહેરો પર નિર્ભર ન રહેવું પડે.

## હાઈકોર્ટે મનપાને ફટકાર્યો ૫૦૦૦૦નો દંડ : ચેક રિટર્ન કેસમાં આસામીને છ માસની સજા

# મનપા પાસે 'ટાઈટલ' નક્કી કરવાની કાયદાકીય સત્તા નથી

### કાયદેસરના રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ધરાવનાર નાગરિકની પરવાનગી તૃતીય પક્ષની માત્ર રજૂઆત કે ફરિયાદના આધારે સ્થગિત કરી શકાય નહીં

રાજકોટ, તા.૩૧

રાજકોટ મહાનગરપાલિકા અને નાગરિકો વચ્ચેના કાનૂની વિવાદો પરથી સ્થાનિક તંત્રના અધિકારો અને નાગરિકોની કાયદાકીય જવાબદારીઓ અંગેના કેટલાક અગત્યના પાસાંઓ સ્પષ્ટ થાય છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે મિલકતની માલિકી કે ટાઇટલ નક્કી કરવાની કોઈ કાયદાકીય સત્તા હોતી નથી, કારણ કે આવા વિવાદોનો નિકાલ કરવાનો અધિકાર માત્ર સિવિલ કોર્ટ હસ્તક છે. જ્યારે કોઈ નાગરિક પાસે કાયદેસરનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય, ત્યારે તૃતીય પક્ષની માત્ર રજૂઆત કે ફરિયાદના આધારે ટાઉન પ્લાનિંગ શાખા બાંધકામ પરવાનગી સ્થગિત કરી શકે નહીં, કારણ કે અકારણ મંજૂરી રોકવી એ નાગરિકના બંધારણીય અધિકારનું હનન છે. આવી પરિસ્થિતિમાં અદાલત તંત્રની કાર્યવાહીને રદ્દ કરીને દંડકીય આદેશ કરી શકે છે.

બીજી તરફ, સરકારી કે પાલિકાના વેરા ચૂકવણી માટે આપવામાં આવેલો ચેક રિટર્ન થવો એ માત્ર સામાન્ય નાણાકીય લેવડદેવડનો મુદ્દો નથી પરંતુ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ ગંભીર ફોજદારી ગુનો બને છે. જો ફરિયાદ નોંધાયા બાદ આસામી દ્વારા બાકી રકમ જમા કરાવી દેવામાં આવે, તોપણ અદાલતમાં મૂળ ગુનો રદ્દ થતો નથી. આવી બાબતોમાં અદાલત ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને કેદની સજા તેમજ મૂળ ચેકની રકમ કરતાં વધુ રકમનું વળતર ચૂકવવાનો આદેશ આપી શકે છે. આમ, તંત્ર માટે પાઠ એ છે કે તેણે પોતાના કાયદાકીય ક્ષેત્રાધિકારમાં રહીને જ નિર્ણયો લેવા જોઈએ જેથી અદાલતી ફટકારથી બચી શકાય, જ્યારે નાગરિકો માટે એ શીખ છે કે મિલકત ખરીદીમાં રજિસ્ટર્ડ દસ્તાવેજ સૌથી મજબૂત પુરાવો છે અને સરકારી વેરા ચૂકવતી વખતે ખાતામાં પૂરતું બેલેન્સ રાખવું તથા ચેક બાઉન્સ જેવી ગંભીર બેદરકારીથી બચવું અત્યંત જરૂરી છે.



રાજકોટના જયરાજ પ્લોટ વિસ્તારમાં આવેલી મિલકત ખરીદ્યા બાદ અરજદારોએ ટાઉન પ્લાનિંગ (ઝઙ) શાખાની મંજૂરી મેળવીને બાંધકામ શરૂ કર્યું હતું. આ દરમિયાન એક તૃતીય પક્ષે મિલકત પર પોતાનો હક્ક હોવાની રજૂઆત કરતા, મહાનગરપાલિકાએ ટાઇટલ વિવાદ ગણાવીને બાંધકામ પરવાનગી અચાનક સ્થગિત કરી દીધી હતી. સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે સવાલ ઉઠાવ્યો હતો કે શું મહાનગરપાલિકા પાસે મિલકતનું ટાઇટલ નક્કી કરવાનો કે સિવિલ કોર્ટ જેવો અધિકાર છે? મનપા યોગ્ય જવાબ આપી શકી ન હતી. આથી હાઈકોર્ટે પરવાનગી સ્થગિત કરવાનો મનપાનો હુકમ રદ્દ કર્યો હતો અને અરજદારને રૂ. ૫૦,૦૦૦ ચૂકવવાનો રાજકોટ મનપાને આદેશ કર્યો હતો. બીજા કિસ્સામાં, મિલકત વેરા પેટે આસામીએ આપેલો રૂ. ૯૪,૧૩૭નો ચેક બાઉન્સ થતાં મનપાએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ કેસ દાખલ કર્યો હતો. કેસની કાર્યવાહી દરમિયાન આરોપીએ બાકી નીકળતી સંપૂર્ણ રકમ મનપામાં જમા કરાવી દીધી હતી. જોકે રકમ ભરપાઈ થઈ ગઈ હોવા છતાં, ચેક રિટર્નનો ગુનો બની ચૂક્યો હોવાથી અદાલતે ગુનાની ગંભીરતા અને આરોપીની વર્તણૂકને ધ્યાને લીધી હતી. રાજકોટની અદાલતે આરોપીને દોષિત ઠેરવી ૬ માસની સાદી કેદ અને રૂ. ૧,૪૧,૨૦૫નું વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો. વળતર ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજા ફટકારી હતી.

### નાગરિકો અને તંત્ર માટે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દા

સરકારી કે પાલિકાના વેરા ચૂકવતી વખતે ખાતામાં પૂરતું બેલેન્સ રાખવું અનિવાર્ય છે. ઉપરાંત, મિલકત સંબંધિત કામગીરીમાં રજિસ્ટર્ડ દસ્તાવેજ સૌથી મજબૂત કાયદાકીય પુરાવો ગણાય છે. નાગરિકોની અરજીઓ કે પરવાનગીઓ પર નિર્ણય લેતી વખતે પેનલ એડવોકેટ કે અધિકારીઓએ પોતાના કાયદાકીય ક્ષેત્રાધિકાર ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જરૂરી છે, જેથી અદાલતી ફટકારથી બચી શકાય.